RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 318* Date: 15.09.2022, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# નિર્માણધીન ઈમારતની લિફ્ટ તૂટી પડવાની ઘટનામાં ૭ શ્રમિકોના મોત

## લિફ્ટ તૂટતા જ સુપરવાઈઝર ઓફિસ છોડી ભાગી ગયા, બિલ્ડરો ફરક્યા જ નહિ



અમદાવાદ,તા.૧૪

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી પાસે નિર્માણધીન એસ્પાયર-૨ નામની ઈમારતની લિફ્ટ તૂટી પડવાની ઘટનામાં ૭ શ્રમિકોના મોત થયા છે. તો એક શ્રમિક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. આ ઘટનામાં મૃત્યુ પામનાર તમામ શ્રમિકો જુવાનજોધ હતા, અને પરિવારનો આશરો હતો. પરંતુ એક દુર્ઘટનાએ આ તમામ શ્રમિક યુવકોનો જીવ લઈ લીધો. ત્યારે આ ઘટના પર સીધી આંગળી ઈમારતના બિલ્ડર પર ચીંધાઈ રહી છે. જેઓએ ૩ કલાક સુધી આ ઘટનાને છુપાવી રાખી. સવારે ૯.૩૦ વાગ્યે બનેલી ઘટનામા કોઈને કાનોકાન ખબર ન પડી, અને મીડિયામાં સમાચાર આવ્યા બાદ તંત્ર દોડતુ નથી. આખરે ત્રણ કલાક સુધી આ ઘટનાને છુપાવવાનો શું હેતુ હતો. ત્યારે આ ઈમારતના બિલ્ડરના નામ પણ સામે આવ્યા છે.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક તંત્ર, પોલીસ તથા ફાયર બ્રિગેડનો કાફલો દોડી આવ્યો હતો. પરંતુ ત્રણ કલાકના વહાણ વીતી ગયા છતા, કસૂરવાર બિલ્ડરો ફરક્યા પણ નથી. આ બિલ્ડરોએ ઘટના તથા પોતાની ભૂલ છુપવવાનું ગુનાહિત કૃત્ય કર્યું છે. આ ઘટના બની ત્યારે સાઈટની ઓફિસમાંથી લાઈટ પંખા ચાલુ મૂકી સુપરવાઈઝર સહિતના લોકો નીકળી ગયા હતાં.સાઈટ ઓફિસમાં અંદર બંને ચેમ્બરમાં એસી અને પંખા ચાલુ મૂકી નીકળી ગયા છે.

આ ઈમારતની માલિકી એડોર ગ્રૂપના સીએમડી વિકાસ શાહ અને આશિષ કે શાહની હોવાનું પ્રાથમિક તપાસમાં ખૂલ્યુ છે. ત્યારે આખરે કેમ તેઓએ ૩ કલાક મજૂરોના મોતને છુપાવ્યું તે મામલે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ ઈમારત માટે ફ્દ્વષ્ઠ ની રજાચિઠ્ઠી મળી હતી. જેમાં ૨ સેલર અને ૧૧ માળની મંજૂરી આપવામા આવી હતી.

મેયર કિરીટ પટેલે નિવેદન આપ્યુ કે, આ ઘટનામાં જવાબદાર લોકોને છોડવામાં નહિ આવે. તેમની સામે કડક પગલા લેવામાં આવશે. અમે તેની ઊંડાણપૂર્વક તપાસ કરીશું. એએમસી પોલીસ સાથે મળીને કાર્યવાહી કરશે. તો અમદાવાદમાં લિફ્ટ તૂટવા મામલે મનસુખ માંડવિયાએ ટ્વીટ કરીને કહ્યું કે, લિફ્ટ તૂટવાની ઘટનાથી દુ:ખી છું. મૃતકોના સ્વજનો પ્રત્યે મારી સંવેદના છે.મૃત્યુ પામનાર શ્રમિકોના નામો સંજયભાઈ બાબુભાઇ નાયક,જગદીશભાઈ રમેશભાઈ નાયક,અશ્વિનભાઈ સોમાભાઈ નાયક,મુકેશ ભરતભાઈ નાયક,મુકેશભાઇ ભરતભાઇ નાયક,રાજમલ સુરેશભાઈ ખરાડી, પંકજભાઇ શંકરભાઇ ખરાડીનો સમાવેશ થાય છે.

ચોંકાવનારી બાબત એ છે કે, એડોર ગ્રૂપની જ એક ઈમારતમાં પાંચ વર્ષ પહેલા દુર્ઘટના બની હતી, જેમાં ૩ મજૂરોના મોત નિપજ્યા હતા. એડોર ગ્રૂપની નહેરુનગર વિસ્તારમાં ક્લાઉડ-૯ નામની બિલ્ડીંગમાં કામ ચાલી રહ્યુ હતું ત્યારે ઘટના બની હતી, જેમાં અકસ્માત સર્જાતા ૩ મજૂરોના મોત થયા હતા.

૧૩માં માળે લિફ્ટનું કામ ચાલતું હતું. સેન્ટિગ ભરવાનું કામ કરતા હતા. ત્યારે અચાનક જ તેઓ નીચે પડ્યા હતા. સાઈટ પર કામ કરી રહેલા એક શ્રમિકના જણાવ્યા પ્રમાણે જ્યારે કામ ચાલી રહ્યું હતુ ત્યારે લીફ્ટ તૂટતા કુલ આઠ લોકો પડ્યાં હતાં.

જેમાંથી બે વ્યક્તિ ઉપરથી નીચે પડ્યાં હતાં. બાકીના ૬ શ્રમિકો બેઝમેન્ટમાં પડ્યા હતાં. જેમને આસપાસની બિલ્ડિંગના લોકોએ રેસ્ક્યૂ કર્યા હતાં.શરૂઆતમાં ૨ લોકોને એમ્બ્યુલન્સમાં મોકલ્યા હતાં. ૧૫ મિનિટ બાદ અન્ય ૪ વ્યક્તિઓને મોકલાયા હતાં. તે ઉપરાંત બે જણા બેઝમેન્ટમાં ફસાયા હોવાની ખબર પડતાં તેમને બહાર કાઢ્યા હતાં. પંપથી બેઝમેન્ટમાં ભરાયેલું પાણી બહાર કાઢ્યું ત્યારે વધુ ૨ મજૂર મળ્યા હતા. તેમને બહાર કાઢવામાં આવ્યા હતાં. એમ કુલ ૮ મજૂરોને બહાર કાઢ્યા હતા.

જ્યારે આ ઘટના બની ત્યારે સાઈટની ઓફિસમાંથી લાઈટ-પંખા ચાલુ મૂકી સુપરવાઈઝર સહિતના લોકો નીકળી ગયા હતા. સાઈટ ઓફિસમાં અંદર બંને ચેમ્બરમાં એસી અને પંખા ચાલુ મૂકી નીકળી ગયા હતા. શૈલેષભાઈ નામની વ્યક્તિ સાઈટ પર બેસે છે, જેઓ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે મૃતકોની તપાસ કરવા માટે આવ્યા હતા, જ્યારે મીડિયાએ તેમને સવાલ કર્યો ત્યારે તેઓ મીડિયાથી ભાગતા ફરતા જોવા મળ્યા હતા. હવે આ શ્રમિકોનાં મોતનું જવાબદાર કોણ એ સવાલ ઊભો થવા પામ્યો છે.બાંધકામ મજૂર સંગઠનના પ્રમુખ વિપુલ પંડ્યાએ જણાવ્યું હતું કે ગત વર્ષે ગુજરાતમાં ૧૩૬ શ્રમિકનાં મોત થયા છે. આજે જે બનાવ બન્યો તેમાં સુપરવાઈઝર અને એન્જિનિયરની પણ બેદરકારી છે. તેઓ કામના સમયે હાજર રહેતા નથી. શ્રમિકો સાથે માત્ર કોન્ટ્રેકટર જ હોય છે. આજના બનાવમાં મૃતકોના માથે હેલ્મેટ પણ નહોતાં તો બીજા કોઈ સુરક્ષાનાં સાધનો પણ નહીં જ હોય. અનેક શ્રમિકોના આકસ્મિક મોત થાય છે, પરંતુ કોઈ જવાબદારી લેતું નથી.એસ્પાયર-૨ના ભાગીદારોનાં નામ ભરત ઝવેરી, જગદીશચંદ્ર કાલિયા,પલ્લવી કંસારા,રમેશચંદ્ર કાલિયા,રાહુલ કાલિયા,કૈલાસચંદ્ર કાલિયા,નિલેશ કાલિયા,આશિષ શાહ,નીતિન સંઘવી,ભરત ઝવેરી,પારુલ ઝવેરીવિપુલ શાહ છે

### હવે ગોવામાં ઓપરેશન લોટસ

## કોંગ્રેસના ૮ ધારાસભ્ય જ ભાજપમાં જોડાશે, પક્ષપલટાનો કાયદો લાગુ નહીં થાય;૩ ભૂલને કારણે ફૂટ પડી



પણજી,તા.૧૪

ગોવા કોંગ્રેસના ૧૧માંથી ૮ ધારાસભ્યે બુધવારે પાર્ટી છોડી દીધી છે. દરેક ધારાસભ્ય મુખ્યમંત્રી પ્રમોદ સાવંત સાથે વિધાનસભા પહોંચ્યા હતાં અને તેમણે સ્પીકર રમેશ તાવડકરને પાર્ટીમાંથી અલગ થવાનો પત્ર આપ્યો છે. ગોવા ભાજપના પ્રદેશ અધ્યક્ષ સદાનંદ તનવડેએ જણાવ્યું હતું કે દરેક ધારાસભ્ય ભાજપમાં સામેલ થવાના છે.

કોંગ્રેસ છોડનારા ધારાસભ્યોમાં પૂર્વ મુખ્યમંત્રી દિગંબર કામત, દેલિલા લોબો, કેદાર નાઈક, એલિક્સો સિક્વિરિયા, માઈકલ લોબો, રાજેશ ફલદેસાઈ, સંકલ્પ અમોનકર અને રુડોલ્ફ ફર્નાન્ડિઝનાં નામ સામેલ છે. બળવાખોર ધારાસભ્યોની સંખ્યા ૨/૩ કરતાં વધારે હોવાથી આ ધારાસભ્યો પર પક્ષપલટાનો કાયદો લાગુ થશે નહીં. ૧૦ માર્ચ ૨૦૨૨ના રોજ ગોવામાં ચૂંટણી પરિણામ આવ્યાં છે, જેમાં કોંગ્રેસને ૪૦માંથી ૧૧ સીટ મળી હતી, પરંતુ ૭ મહિનાની અંદર જ પાર્ટી તૂટી ગઈ હતી. એની પાછળ કોંગ્રેસની ૩ મોટી ભૂલ છે.

૧. બહારથી આવેલા લોબોનું કદ વધાર્યુ- ચૂંટણી પરિણામ આવ્યાં પછી કોંગ્રેસે બહારથી આવેલા માઈકલ લોબોને વિપક્ષના નેતા બનાવ્યા હતા. લોબો ચૂંટણી પહેલાં જ પાર્ટીમાં સામેલ થયા હતા. વિપક્ષના નેતાની રેસમાં સામેલ દિગંબર કામત કોંગ્રેસ હાઈકમાન્ડે આ નિર્ણયથી નારાજ થઈ ગયા હતા. ત્યાર પછીથી જ માનવામાં આવે છે કે કોંગ્રેસ તૂટવાની શરૂ થઈ છે.

૨. અધ્યક્ષ પર એક્શન, પ્રભારી પર કાર્યવાહી નહીં- ગોવામાં હાર પછી કોંગ્રેસ હાઈકમાન્ડે ગિરીશ ચોડનકરનું રાજીનામું લઈ લીધું હતું, પરંતુ પ્રદેશ પ્રભારી દિનેશ ગુંડુરાવ પર કોઈ કાર્યવાહી કરાઈ નહોતી. ગુંડુરાવથી પાર્ટીના ઘણા સિનિયર નેતા ચૂંટણી પહેલાંથી નારાજ હતા. આ કારણથી પી. ચિદમ્બરમને કોંગ્રેસના ઓબ્ઝર્વર બનાવીને મોકલ્યા હતા.

૩. નવા અધ્યક્ષે જૂથવાદ કર્યો તો કોઈ પગલાં ના લેવાયાં- નવા અધ્યક્ષ અમિત પાટકર મુદ્દે પણ પાર્ટીમાં જૂથવાદનો વિવાદ વધી ગયો હતો, જેની અસર રાષ્ટ્રપતિ ચૂંટણી પર પણ જોવા મળી હતી. એ સમયે પાર્ટીના અંદાજે ૪ ધારાસભ્યે ક્રોસ વોટિંગ કર્યું હતું. પાર્ટીએ ત્યારે પણ ડેમેજ કંટ્રોલનાં પગલાં નહોતાં લીધાં.

આ વર્ષે જુલાઈમાં કોંગ્રેસે પાર્ટી વિરોધી કાવતરામાં સામેલ થવાનો આરોપ લગાવીને દિગંબર કામત અને માઈકલ લોબો પર કાર્યવાહી કરાઈ હતી. એ સમયે કોંગ્રેસે તેમના ધારાસભ્યો બચાવવા માચે ૫ ધારાસભ્યોને ચેન્નઈ શિફ્ટ કર્યા હતા.આ પહેલાં ૨૦૧૯માં કોંગ્રેસના ૧૫માંથી ૧૦ ધારાસભ્ય ભાજપમાં સામેલ થયા હતા. એમાં વિપક્ષના નેતા ચંદ્રકાંત કાવલેકર પણ સામેલ હતા. ગોવાના મુખ્યમત્રી પ્રમોદ સાંવતે કોંગ્રેસના દરેક બળવાખોર ધારાસભ્યોને ભાજપમાં સામેલ કરાવ્યા હતા.

## બેગુસરાયમાં ૬ જગ્યાએ ગોળીબાર,૧નું મોત, ૮ ઘાયલ

બેગુસરાય,તા.૧૪

બિહારના બેગુસરાયમાં, ગુનેગારોએ બિહાર પોલીસ અને નીતિશ સરકાર બંનેને ખુલ્લો પડકાર ફેંક્યો અને દ્ગઉ પર એક કલાક સુધી ૩૦ કિમીથી વધુ અંધાધૂંધ ગોળીબાર કર્યો જેમાં એકનું મોત થયું અને દસ લોકો ઘાયલ થયા. મંગળવારે સાંજે ૪ થી ૫ વાગ્યાની વચ્ચે બેગુસરાય જિલ્લાના ખૂણે આવેલા બરૌની થર્મલ ચોકમાં ફાયરિંગ શરૂ થયું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, બે બાઈક પર આવેલા પાંચ ગુનેગારોએ થર્મલ ચોક ખાતે ત્રણ લોકો પર ગોળીબાર કર્યો અને પછી એનએચ થી બેહટ તરફ ભાગી ગયા. રસ્તામાં ફરી માલીપુર ચોકમાં ગુનેગારોએ બે લોકોને ગોળી મારી હતી. અહીંથી આગળ વધીને તેણે બરૌની પાસે એનએચ પર વધુ ૨ લોકોને ગોળી મારી, જેમાં એકનું મોત થયું. બરૌની બાદ બચવાડા તરફ ભાગી રહેલા આ ગુનેગારોએ ફરીથી તેઘરામાં અયોધ્યા-આધારપુરની આસપાસ ૨ લોકોને ગોળી મારી દીધી હતી. તેઘરા બાદ બચવાડાના ગોધના પાસે વધુ બે લોકોને ગોળી મારી દેવામાં આવી હતી. બરૌની થર્મલથી ગોધના વચ્ચેનું અંતર લગભગ ૩૦ કિલોમીટરનું છે, આ દરમિયાન તે એક કલાક સુધી લોકો પર ગોળીબાર કરતો રહ્યો. પ્રાપ્ત માહિતી અનુસાર આ ફાયરિંગમાં એકનું મોત થયું છે જ્યારે દસ લોકો ઘાયલ થયા છે.

બેગુસરાય જિલ્લામાં પ્રથમવાર સરશામ ફાયરિંગની ઘટનાથી સનસનાટી ફેલાઈ ગઈ હતી. ઘટના સ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બદમાશો આ ઘટનાને અંજામ આપ્યા પછી આરામથી બચવારા થઈને નાસી છૂટ્યા હતા, જ્યારે રસ્તામાં એનએચ પર ઓછામાં ઓછા ત્રણ પોલીસ સ્ટેશન અને ઓપી છે.

ગોળીઓનો અવાજ સાંભળીને લોકો પોતાનો જીવ બચાવવા માટે અહીં અને ત્યાં દોડી આવ્યા હતા. બાઈક સવારોએ ગોળીબાર ચાલુ રાખ્યો હતો. આ ઘટના બચવારા, ફુલબારિયા, બરૌની અને ચકિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની છે. બરૌની પોલીસ સ્ટેશનના પિપરા દેવાસ ગામના ચંદન કુમારનું અંધાધૂંધ ફાયરિંગમાં મોત થયું છે. આ ઘટના બાદ જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે અને લોકો હોસ્પિટલમાં ઉમટી પડ્યા છે.

## ચૂંટણી લડવાનો અધિકાર મૌલિક અધિકાર નથી, તે કાયદા દ્વારા અપાયેલ અધિકાર

નવીદિલ્હી,તા.૧૪

સુપ્રીમ કોર્ટે ચૂંટણી લડવાના અધિકાર પર એક મોટી ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટની પીઠે કહ્યું છે કે, ચૂંટણી લડવાનો અધિકાર ન તો મૌલિક અધિકાર છે અને ન તો તે સામાન્ય કાયદો પણ આ કાયદા દ્વારા આપવામા આવેલો અધિકાર છે. આ ટિપ્પણી સાથએ જ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ હેમંત ગુપ્તા અને જસ્ટિસ સુધાંશુ ધૂલિયાની પીઠે વિશ્વનાથ પ્રતાપ સિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી વિશેષ અનુમતિ અરજીને ફગાવી દીધી હતી. આ દરમિયાન પીઠે કહ્યું કે, કોઈ વ્યક્તિ એવો દાવો ન કરી શકે છે કે તેને ચૂંટણી લડવાનો અધિકાર છે. જન પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ ની સાથે ચૂંટણી આચરણ નિયમ ૧૯૬૧માં પણ ઉમેદવારી ફોર્મ ભરતી વખતે ઉમેદવારના નામને પ્રસ્તાવિત કરવાની વ્યવસ્થા છે. કોર્ટે કહ્યું કે, કોઈ વ્યક્તિ આ શરત સાથે પોતાના મૌલિક અધિકારોનું ઉલ્લંઘન બતાવી ન શકે.હકીકતમાં જોઈએ તો, અરજીકર્તા વિશ્વનાથ પ્રતાપ સિંહે પોતાની અરજીમાં કહ્યું કે, ૨૧ જૂન ૨૦૨૨થી ૧ ઓગસ્ટ ૨૦૨૨ સુધી સેવાનિવૃત થનારા સભ્યોની સીટો ભરવા માટે ૧૨ મે ૨૦૨૨ના રોજ રાજ્યસભા ચૂંટણી માટે નોટિફિકેશન જાહેર કરવામા આવ્યું હતુ અને ઉમેદવારી ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૧મે હતી. અરજીકર્તાએ આ ચૂંટણી લડવા માટે ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. જો કે, તેમના નામનો પ્રસ્તાવ કરનારા યોગ્ય પ્રસ્તાવક વિના ઉમેદવારી ફોર્મ દાખલ કરવાની મંજૂરી મળી નહોતી.આ મામલામાં તેમણે ભારતીય ચૂંટણી પંચના નોટિફિકેશન વિરુદ્ધ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં પ્રસ્તાવક હોવાની ફરજિયાત ગણાવ્યું હતું. મામલામાં તેમણે દિલ્હી હાઈકોર્ટમાં કહ્યું હતું કે, તેમના ભાષણ અને અભિવ્યક્તિના મૌલિક અધિકાર અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન થયું છે.

### રાહુલ ગાંધીએ બાળકો સાથે સેલ્ફી લીધી તો નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ ચૂંટણી પંચને ફરિયાદ કરી

નવીદિલ્હી,તા.૧૪

કોંગ્રેસની ભારત જોડો યાત્રામાં બાળકોના દેખાવને લઈને નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (એનસીપીસીઆર) ભડકી ઉઠ્યું છે. એનસીપીસીઆરએ ચૂંટણી પંચને કોંગ્રેસની ભારત જોડો યાત્રા દરમિયાન રાજકીય સાધન તરીકે કથિત રીતે બાળકોનો દુરુપયોગ કરવા બદલ પાર્ટી અને તેના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ ફરિયાદની તપાસ કરવા માટે જરૂરી પગલાં લેવા અને તપાસ કરવા જણાવ્યું છે.

એનસીપીસીઆરએ ફરિયાદમાં આરોપ લગાવ્યો છે કે રાહુલ ગાંધી અને જવાહર બાલ મંચ રાજકીય હેતુઓથી બાળકોને નિશાન બનાવી રહ્યા છે અને તેમને રાજકીય પ્રવૃત્તિઓમાં સામેલ કરી રહ્યાં છે. કમિશને કહ્યું કે ફરિયાદ મુજબ, એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે સોશિયલ મીડિયા પર ઘણી હેરાન કરનારી તસવીરો અને વીડિયો છે જેમાં જોઈ શકાય છે કે 'ભારત જોડો, બાળકોને જોડો' ના નારા હેઠળ બાળકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે રાજકીય એજન્ડા સાથે તેમનો પ્રચાર.ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે પાર્ટીની ગ્રાસરુટ કનેક્ટિવિટી મજબૂત કરવાના હેતુથી ભારત જોડો યાત્રા શરૂ કરી છે. ૭ સપ્ટેમ્બરે શરૂ થયેલી આ યાત્રા પાંચ મહિનાના સમયગાળામાં કન્યાકુમારીથી કાશ્મીર સુધીનું ૩,૫૭૦ કિલોમીટરનું અંતર કાપશે.

## બિહાર મોટું રાજ્ય છે, બળાત્કાર જેવી ઘટનાઓ બનતી રહે છે : માજી મુખ્યમંત્રી જીતનરામ માંઝી

પટણા,તા.૧૪

બિહારના પૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝીએ શરમજનક નિવેદન આપ્યું છે. હિન્દુસ્તાની અવમ મોરચા (હમ)ના પ્રમુખે વૈશાલીમાં કહ્યું કે બિહાર એક મોટું રાજ્ય છે. બળાત્કાર જેવી ઘટનાઓ બનતી રહે છે. ઘટના બાદ પોલીસ-પ્રશાસન શું પગલાં લે છે તે પ્રશ્ન છે. બે દિવસ પહેલા વૈશાલી જિલ્લાના જંદાહમાં સામૂહિક બળાત્કારનો મામલો સામે આવ્યો હતો. બિચારીએ આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. વીડિયો વાયરલ થયા બાદ વિસ્તારમાં તણાવનો માહોલ છે. હાલમાં માંઝીના આ નિવેદન પર હોબાળો મચ્યો છે.

માંઝીએ વધુમાં કહ્યું કે, જ્યાં સુધી પોલીસનો સંબંધ છે, તેમણે કાર્યવાહી કરી છે. ટૂંક સમયમાં આરોપીઓ ઝડપાઈ જશે. નીતીશ કુમાર સરકારને બદનામ કરવાની વિપક્ષની આ એક યુક્તિ પણ હોઈ શકે છે. જ્યારે માંઝીને વિપક્ષના આરોપો અંગે સવાલ પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે, કંઈ પણ બોલી શકાય. બિહારમાં એક કે બે કરોડ લોકો વસે છે. બિહારની વસ્તી ૧૨ કરોડ છે. અહીં બળાત્કાર જેવી ઘટનાઓ બનતી રહે છે. આવી સ્થિતિમાં સરકાર આ ઘટના પર શું પગલાં લે છે તે જોવું જોઈએ. તમે જોયું જ હશે કે સરકારે આરોપીઓને પકડવા માટે તાત્કાલિક પગલાં લીધા અને દરોડા પાડ્યા. તે વિપક્ષની સરકારને બદનામ કરવાનો ષડયંત્ર પણ હોઈ શકે છે. વૈશાલીમાં સગીર સાથે ગેંગરેપની ઘટના બાદ ભાજપ નીતીશ કુમાર સરકાર પર આકરા પ્રહારો કરી રહી છે. ભાજપે તેને જંગલરાજ અને ગુંડારાજ ગણાવ્યું છે.

૧૩ વર્ષની સગીરા પર ૫ ગુનેગારોએ સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. ચાર દિવસ વીતી જવા છતાં પોલીસના હાથ ખાલી છે. આ પહેલીવાર નથી જ્યારે જીતન રામ માંઝીએ વિવાદિત નિવેદન આપ્યું હોય. ભૂતકાળમાં પણ તેઓ પોતાના વિવાદાસ્પદ નિવેદનોને કારણે ચર્ચામાં રહ્યા છે. તેણે કહ્યું હતું કે તે ભગવાન રામમાં માનતો નથી. પોતાને માતા શબરીના વંશજ ગણાવતા તેમણે ભગવાન રામને કાલ્પનિક પાત્ર ગણાવ્યા હતા.

## તંત્રી સ્થાનેથી...

# આવકાર્ય ચુકાદો



*બહુચર્ચિત જ્ઞાનવાપી કેસમાં વારાણસી જિલ્લા જજના ચુકાદાએ એ સ્પષ્ટ કરી દીધું કે હવે આ પ્રકરણ લાંબી કાનૂની પ્રક્રિયામાં જવાનું છે. આ નિર્ણય અપેક્ષાને અનુરૂપ જ છે, કારણ કે એ તથ્ય સાક્ષાત દેખાય છે કે જ્ઞાનવાપી પરિસરમાં મંદિર તોડીને મસ્જિદ બનાવવામાં આવી છે. જિલ્લા જજે એ જોયું કે આ કેસ સુનાવણીને યોગ્ય છે, બલ્કે એ પણ સ્પષ્ટ કર્યું કે આ વિવાદમાં ૧૯૯૧નો પૂજા સ્થળ સંબંધી કાયદો લાગુ નથી પડતો. ધ્યાન રહે કે આવું જ સુપ્રીમ કોર્ટે ત્યારે કહ્યું હતું, જ્યારે ત્યાં એ મતલબની અરજી રજૂ કરવામાં આવી હતી કે પૂજા સ્થળ કાયદાને કારણે આ બાબતે કોઈ અદાલતમાં સુનાવણી જ ન થઈ શકે. ત્યારે સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે ઉપરોક્ત કાયદો એ તપાસ કરવા પર પ્રતિબંધ નથી મૂકતો કે કોઈ ઉપાસના સ્થળનું ધાર્મિક સ્વરૂપ શું છે. એમ તો જ્ઞાનવાપી પરિસરનું ધાર્મિક સ્વરૂપ જાણવા માટે કોઈ શોધ અથવા તપાસની જરૂર જ નથી, કારણ કે એ ખુલ્લી આંખોએ દેખાય છે કે મંદિરને ધ્વસ્ત કરીને તેની ઉપર જ મસ્જિદ ચણી લેવામાં આવી છે અને તેના પુરાવા પણ છે. તેમ છતાં કાયદાના શાસનનો તકાદો એમ કહે છે કે એવા તમામ કેસોનો નિકાલ અદાલતો કરે, જેમના વિશે એ વિવાદ છે કે ત્યાં મંદિરોને તોડીને મસ્જિદો બનાવવામાં આવી. એક ઉપાય એ પણ છે કે બંને પક્ષ એવા વિવાદોનો પરસ્પર સહમતિથી ઉકેલ લાવે, પરંતુ અયોધ્યા પ્રકરણમાં જે કંઈ થયું, તેને જોતાં તેના અણસાર બહુ ઓછા છે.*

*જ્ઞાનવાપી જેવો જ કેસ મથુરામાં શ્રીકૃષ્ણ જન્મભૂમિ મંદિર પર બનેલી શાહી ઈદગાહ મસ્જિદનો પણ છે, તેથી એના પર આશ્ચર્ય નહીં કે આ પ્રકરણ પણ અદાલતો સમક્ષ છે. સમજવું મુશ્કેલ છે કે મુસ્લિમ ધર્મગુરુ અને નેતાઓ એ સત્યનો સ્વીકાર કરવાનો કેમ ઈનકાર કરી રહ્યા છે કે વિદેશી આક્રમણખોરો અને તેમના વંશજોએ સેંકડો મંદિરોનો ધ્વંસ કરીને ત્યાં મસ્જિદો ચણી લીધી હતી? સત્યનો સામનો કરવાનો ઈનકાર કરવો ખુદને ધોખો આપવા જેવું અને સાથે જ સામાજિક સદ્ભાવની સ્થાપનામાં અડચણ બનવા જેવું પણ છે. એ હાસ્યાસ્પદ છે કે આવું કરનારા લોકો જ ગંગા-જમુની તહેજીબનાં ડીંડવાણાં ચલાવ્યે રાખે છે. શું આ તહેજીબ એમ કહે છે કે હિંદુ સમાજ પોતાના મંદિરોના ધ્વંસની ધરાર અવગણના જ કરી દે? દુર્ભાગ્યે પૂજાસ્થળ કાયદો આ અવગણનાની જ તરફદારી કરે છે. એના પર આશ્ચર્ય નહીં કે ભારતીય અસ્મિતા સાથે થયેલ અન્યાયની અવગણના કરનારા આ કાયદાની કાયદેસરતાને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી છે. કાયદો સમસ્યાઓ ઉકેલવા માટે બનાવવામાં આવે છે, પરંતુ પૂજા સ્થળ કાયદો તો સમસ્યાઓ પર પડદો પાડી દેવા માટે લાવવામાં આવ્યો હતો. આવા કાયદાની ગહન સમીક્ષા થવી જ જોઈએ.*

# ભાજપ મહિલાઓને ગુજરાતના તીર્થસ્થાનોની યાત્રા કરાવશે

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે તે સમયે ભાજપે હવે મહિલા મતદારો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, આગામી ૨૫ સપ્ટેમ્બરના રોજ ભાજપ દ્વારા એસસી અને એસટીની અંદાજે ૩૬ બેઠકો પર મહિલા સંમેલનો યોજવાની સાથે તા. ૭ ઓક્ટોબરે પંચતીર્થ યાત્રા મારફત મહિલાઓને ગુજરાતના યાત્રાધામો પર લઇ જઈ મહિલા મતદારોને આકર્ષવા પ્રયાસ કરશે.ગુજરાતમાં ચૂંટણી માટેનો માહોલ ધીમે ધીમે બની રહ્યો છે તે જોતા આગામી ૫૦ દિવસમાં ચૂંટણીનું વાતાવરણ બની શકે છે,તેમાં પણ એક તરફ સરકારી કર્મચારીઓ તથા અન્ય સંગઠનો દ્વારા આંદોલનનાં રણશીંગા ફૂંકીને સરકારને ભીંસમાં લેવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે વચ્ચે ભાજપે હવે તેના સંભવિત ઉમેદવારો માટે પણ ચર્ચા શરુ કરી દીધી છે સાથે સાથે વર્તમાન ભુપેન્દ્ર પટેલ સરકારે તેના શાસનનું એક વર્ષ પૂર્ણ કરી દીધું છે, જેની ઉજવણી વિવિધ કાર્યક્રમો દ્વારા ચાલી રહી છે, તા. ૧૭ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે,તોબીજી બાજુ ભાજપનાપ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ લગભગ સાત દિવસ સુધી બેંગ્લોરમાં જીંદાલ નેચરલ રિસોર્ટમાં સારવાર માટે લઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે,૨૦ તારીખ સુધીમાં તેમના આગમન બાદ ઉમેદવારોની પસંદગી માટેની પ્રક્રિયા પણ શરુ થશે. બીજી તરફ પક્ષમાં અનેક નવા ચહેરાને તક મળી શકે છે,ભાજપે હાલ તો રાજ્યની એસટી અને એસસી બેઠકો પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે અને તા. ૨૫ સપ્ટેમ્બરના ભાજપ દ્વારા એસસી અને એસટીની અંદાજે ૩૬ બેઠકો પર મહિલા સંમેલનો યોજવા ની સાથે તા. ૭ ઓક્ટોબરે પંચતીર્થ યાત્રા મારફત મહિલાઓને ગુજરાતના યાત્રાધામો પર લઇ જવાશે.

શેની
અવનિએ પડયા છીએ,
પછી શેની સંકડાશ?
હાથપગ બંધાવ્યા ,
પછી શેની મોકળાશ?
મોઢે મોટા ચોકડા છે,
પછી શેની ગળાશ??
આગળ ઘોર અંધકાર ,
પછી શેની આશ?
લો પાણી વલોવ્યું છે ,
પછી શેની છાશ?
નનામીએ બંધાયા છીએ,
પછી શેની નવરાશ ??
ભરત વૈષ્ણવ
૮.૫.૨૦૨૨.# કવિતા

# તમામ વ્યાધિઓનું મૂળ મોહ છે



મોહનો અર્થ છે વસ્તુના વાસ્તવિક જ્ઞાનનો અભાવ.આ અવસ્થામાં બે પ્રકારની સ્થિતિઓ ઉત્પન્ન થાય છે.પ્રથમમાં અમે અવસ્તુને વસ્તુ માની લઈએ છીએ જેમ કે દોરડાને સાપ સમજી લેવો..તેને ભ્રમ કહેવામાં આવે છે.બીજામાં વસ્તુની યર્થાથતાના સબંધમાં સંદેહ રહે છે કે દોરડું છે કે સાપ ! મોહ અમારી આંખોની સામે એવું આવરણ લાવી દે છે કે જેના કારણે અમે વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જોઇ શકતા નથી.

આ મોહ માયાની મુખ્ય શક્તિ છે.પરમાત્માએ મોહનું સર્જન એક વિશેષ ઉદ્દેશ્યના માટે કર્યુ છે. માયાનો સહારો લઇને જ પરમાત્મા સૃષ્ટિની રચના કરે છે તેને જ અવિદ્યા-માયા કહેવામાં આવે છે.જે સત્યની ઉપર એવું આવરણ લાવી દે છે કે જેથી મનુષ્યે સત્યનું વાસ્તવિક સ્વરૂપ જોઇ શકતો નથી.માયાનું આ બીજું રૂપ મોહ છે તેના કારણે જ મનુષ્યે પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી જાય છે.તે ભૂલી ગયો છે કે તે દેહ નથી પરંતુ આત્મા છે.વાસ્તવમાં જીવએ પરમાત્માનો અંશ છે.ભ્રમવશ તે દેહને જ પોતાનું વાસ્તવિક સ્વરૂપ માનીને અનેક પ્રકારના કષ્ટ ભોગવે છે.

ગોસ્વામી તુલસીદાસજી રામચરીત માનસમાં કહે છે કે "ઈશ્વર અંશ જીવ અવિનાશી,ચેતન અમલ સહજ સુખ રાશી,સો માયા બસ ભયઉ ગોસાઇ,બંન્ધ્યો કીટ મરકટ કી નાઇ.." જીવ ઈશ્વરનો અંશ છે અને તેથી જ તે અવિનાશી ચૈતન્યરૂપ નિર્મળ અને સહજરૂપે સુખનો રાશી છે,તે માયાને વશ થઈને પોપટની જેમ કે વાંદરાની માફક બંધાઈ રહ્યો છે.આ રીતે જડ અને ચેતનમાં ગાંઠ પડીને તે એકરૂપ થઇ ગયાં છે.જો કે તે ગાંઠ મિથ્યા જ છે પરંતુ તેના છૂટવાની વાત કઠન સમજવી અને એ ગાંઠ પડવાથી જીવ જન્મીને મરનારો સંસારી બની ગયો.હવે નથી તો તે ગાંઠ છૂટતી કે નથી તેને સુખ પ્રાપ્ત થતું.વેદો અને પુરાણોએ તેને ઉપાય બતાવ્યા હોવા છતાં પણ તે ગાંઠ છૂટતી નથી પરંતુ વધારેને વધારે મજબૂત બનતી જાય છે.

જીવોના હ્રદયમાં મોહરૂપી અંધકાર વિશેષ હોવાથી તેમને આ ગાંઠ નજરે પડતી નથી ત્યારે છૂટવાની તો કેવી રીતે હતી? જો ઈશ્વર એવો સંયોગ ઉપસ્થિત કરે ત્યારે જ કદાચ તે ગાંઠ છૂટે એવી સંભાવના ખરી ! આ મોહના મૂળમાં અજ્ઞાન છે.જે જ્ઞાનની આંખથી સત્યના વાસ્તવિક સ્વરૂપને જોઇ શકે છે તે મોહમાં પડતા નથી.જ્ઞાનરૂપ દિપકથી જીવનનો અંધકાર દૂર થાય છે.શ્રીમદ્ ભગવદ ગીતામાં જ્ઞાનને સૌથી પવિત્ર કહેવામાં આવ્યું છે.

સંસારના તમામ વ્યક્તિઓ બિમાર છે તે અનેક રોગોથી ગ્રસ્ત છે અને આ રોગોના કારણે તે અનેક પ્રકારના કષ્ટો ભોગવે છે.આ રોગ શારીરિક નહી પરંતુ માનસિક છે.આ એવો રોગ છે જેના લક્ષણો બહારથી દેખાતાં નથી તેમછતાં મનુષ્યના આચરણોથી તેનો પરીચય મેળવી શકાય છે.આ રોગ છેઃકામ ક્રોધ લોભ મોહ..વગેરે વિષયોની આસક્તિ,મમતા ઈર્ષા હર્ષ વિવાદમાં ડૂબેલા રહેવું,મનની કુટીલતા અહંકાર દંભ મદ માન તૃષ્ણા ત્રિવિધ એષણાઓ(પૂત્રેષણા વિતૈષણા તથા લોકેષણા) મત્સર અને અવિવેક..

ગોસ્વામી તુલસીદાસજીએ રામચરીત માનસમાં કહ્યું છે કેઃમોહ સકલ વ્યાધિન્હ કર મૂલા..બધા જ રોગોનું મૂળ એક માત્ર મોહ(અજ્ઞાન) જ છે.માણસ એક રોગથી જ અવસાન પામતો હોય છે ત્યારે આ તો રોગોનો પાર નથી અને વળી અસાધ્ય પણ છે માટે તેમના વિશે શું કહેવું? આ રોગોના લીધે જ સદાય પીડાતો હોય છે તે માણસ ઈશ્વરનું ધ્યાન કેવી રીતે કરી શકવાનો હતો? અને તેથી તેને સુખ પણ કેવી રીતે મળી શકવાનું હતું? નિયમ ધર્મ આચાર તપ જ્ઞાન યજ્ઞ..આ બધા રોગો કરોડો ઔષધો કરવા છતાં પણ આ ટળે તેવા નથી.આ પ્રમાણે જગતના તમામ જીવો રોગથી પિડાય છે કે જે રોગોની પાછળ શોક હર્ષ ભય પ્રિતિ તથા વિયોગ..આ બધાં લાગેલાં જ છે.આ બધા રોગોને ઓળખનારા તો કોઇ વિરલા જ હોય છે. લોકોને પરીતાપ આપનારા આ દુષ્ટ રોગો ઓળખાયા પછી કંઇક ઓછા થાય છે પરંતુ નિર્મૂળ થતા નથી.આ દુષ્ટ રોગો વિષયોરૂપી કુપથ્યના સંયોગના લીધે અંકુરિત થાય છે.

જો ભગવાનની કૃપા થાય..સદગુરૂ રૂપી વૈદ્યના વચનો પર પૂરો વિશ્વાસ રાખવામાં આવે, વિષયોના પ્રત્યે આસક્તિ ઓછી થાય તથા મનમાં પાકું પથ્ય પાળવામાં આવે તો તમામ રોગ નિર્મૂળ થઇ જાય છે. ભગવાનની ભક્તિરૂપી અમૃત ઔષધ,અતિ સુંદર શ્રદ્ધારૂપી અનુપાતની સાથે પાળવામાં આવે તો જ એ તમામ દુષ્ટ રોગો નિર્મૂળ થાય છે.મનુષ્યને રોગ મુક્ત ત્યારે જ જાણવો જ્યારે તેનું ચિત્ત તમામ પ્રકારના વિકારોથી રહીત થઇને શાંત અને સ્થિર બની જાય, તે રાગ-દ્વેષ ઈચ્છા હર્ષ અને વિષાદના બંધનોથી મુક્ત થઇને ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂની કૃપાથી પોતાના શુદ્ધ ચિન્મય સ્વરૂપનો સાક્ષાત્કાર કરી લે.આ સિવાય કરોડો ઉપાય કરવાથી પણ આ રોગો ટળતા નથી.જ્યારે મનમાં વૈરાગ્યરૂપી બળ, સુમતિરૂપી ક્ષુધા, નિત્ય દુર્બળતા પુરેપુરી ટળી જાય ત્યારે જાણવું કે મન રોગ મુક્ત થયું છે.

આવી રીતે બધા રોગોમાંથી મુક્ત થઇને જ્યારે મનુષ્ય નિર્મળ જ્ઞાનરૂપી જળમાં સ્નાન કરી લે છે ત્યારે જ તેના હ્રદયમાં પ્રભુ પરમાત્માની ભક્તિનો ઉદય થાય છે.પ્રભુ પરમાત્માની ભક્તિ સિવાય બીજા કોઇ માર્ગે સુખ મળવું અશક્ય છે.જે માનવ પ્રભુ પરમાત્માને ભજે છે તેઓ જ આ અતિ દુસ્તર સંસારને સફળતાપૂર્વક તરી જાય છે.

મારૂં મનગમતું થાઓ..આ જ કામના છે.ઉત્પત્તિ વિનાશશીલ જડ પદાર્થોના સંગ્રહની ઈચ્છા, સંયોગજન્ય સુખની ઈચ્છા,સુખની આસક્તિ..આ બધાં કામનાં જ રૂપો છે.ઉત્પત્તિ વિનાશશીલ પદાર્થોની કામના..પ્રિતિ અને આકર્ષણ જ તમામ પાપોનું મૂળ છે.કામનામાં વિઘ્ન આવતાં કામ જ ક્રોધમાં પરીણમે છે.કામનાની પૂર્તિ થતાં લોભ ઉત્પન્ન થાય છે અને કામનામાં વિઘ્ન પહોચાડનારા ઉપર ક્રોધ ઉત્પન્ન થાય છે.જો વિઘ્ન પહોચાડવાવાળો પોતાનાથી વધુ બળવાન હોય તો ભય ઉત્પન્ન થાય છે.કામનાયુક્ત વ્યક્તિને જાગ્રતમાં સુખ મળવાનું તો દૂર રહ્યું ! સ્વપ્નમાં પણ ક્યારેય સુખ મળતું નથી.

જે ઇચ્છે છે તે ના થાય અને જે નથી ઇચ્છતા તે થઇ જાય તેને દુઃખ કહે છે.નાશવાન પદાર્થોની ઈચ્છા જ કામના છે.આપણને શંકા થાય કેઃ કામના વિના સંસારનાં કાર્યો કેવી રીતે ચાલશે? આનું સમાધાન એ છે કેઃસાંસારીક કાર્યો મનની કામનાથી નહી પરંતુ વસ્તુઓથી અને ક્રિયાઓથી ચાલે છે.વસ્તુઓનો સબંધ કર્મોની સાથે હોય છે.કામનાના કારણે કર્મો થાય છે અને કામનાની વૃદ્ધિ થવાથી વિકર્મો થાય છે.કામનાના કારણે જ અસતમાં આસક્તિ દઢ થાય છે.કામના ના રહેવાથી અસતથી સબંધ વિચ્છેદ થાય છે.જો મનુષ્ય નવી કામના ના કરે તો જુની કામના ક્યારેક પુરી થઇને અને ક્યારેક પુરી ના થઇને આપમેળે દૂર થઇ જાય છે.

કામનાને નષ્ટ કરવાનો સરળ ઉપાય છેઃબીજાઓની સેવા કરવી..તેમને સુખ પહોચાડવું. કામ અને ક્રોધની જેમ રાગ અને દ્વેષ પણ મનુષ્યના શત્રુ છે.

આના કારણે તે વિષયોના બંધનોમાં બંધાઇ જાય છે. ભગવાન શ્રી કૃષ્ણ ગીતામાં કહે છે કે 'ઇન્દ્રિયોના વિષયના અર્થમાં એટલે કે પ્રત્યેક ઇન્દ્રિયના પ્રત્યેક વિષયમાં મનુષ્યના રાગ અને દ્વેષ વ્યવસ્થાથી અનુકૂળતા અને પ્રતિકૂળતાને લઇને સ્થિત છે.મનુષ્ય એ બંન્નેના વશમાં ના થવું જોઇએ કેમકે તે બંન્નેય એના કલ્યાણમાર્ગમાં વિઘ્ન નાખનારા શત્રુઓ છે.''

વિષયોની આસક્તિથી ઉપર ઉઠીને પોતાને પૂર્ણ મનુષ્યના રૂપમાં વિકસિત કરવાનો પ્રયાસ કરવો જોઇએ,તેના માટે આધ્યાત્મિકના વિરાટ ક્ષેત્રમાં પ્રવેશ કરવો આવશ્યક છે.સંતવાણી કહે છે કેઃનારાયણ હરિ ભજનમેં યહ પાંચો ન સુહાત,વિષય ભોગ, નિન્દા,હંસી,જગત પ્રિતિ બહુ બાત..

રામાયણ કહે છે કે મોહ નિશા સબ સોવનહારા,દેખિઅ સપન અનેક પ્રકારા..સૌ મોહરૂપી રાત્રિમાં સૂતા છે અને તેથી અનેક પ્રકારના સ્વપ્નો દેખ્યા કરે છે.જેના હ્રદયમાં જ્ઞાન તથા વૈરાગ્ય ના હોય તેના મનમાં મોહ ઉત્પન્ન થઇ જાય છે.ભગવાનની માયા અતિ પ્રચંડ છે.

તે માયાથી જેને મોહ ના થાય એવો કોઇ જન્મ્યો નથી.આ મોહરૂપી રાત્રિમાં પરમાર્થી અને પ્રપંચના સબંધથી મુક્ત થયેલા યોગીઓ જ જાગે છે,આ રાત્રિમાં જીવને ત્યારે જાગેલો સમજવો જ્યારે તે સર્વ વિષયોના વિલાસથી વિરક્ત થાય.કામ,ક્રોધ,લોભ તથા મદ વગેરે તમામ વિકારો મોહરૂપી પ્રબળ રાજાની સેના છે પણ તે સેનામાં માયારૂપી સ્ત્રીના સબંધથી થતો જે કામ છે તે અત્યંત દારૂણ દુઃખ દેનારો છે.ભગવાનની માયાથી મોહિત થયેલા જીવ જ્યારે ભગવાનની દયાને પ્રાપ્તદ થાય ત્યારે જ તેના મોહમાંથી નિસ્તાર થાય છે.

વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# શ્રાદ્ધની સમજ

આ સૃષ્ટિ એટલે કે પૂરા બ્રહ્માંડને ૧૨ રાશિથી બાંધ્યું છે. તેમાં મેષ રાશિને સમગ્ર વિશ્વનું પ્રવેશદ્વાર માનવામાં આવે છે અને તેજ પ્રમાણે મીન રાશિ મોક્ષનું દ્વાર માનવામાં આવે છે.

આ મીન રાશિ બ્રહ્મલોક કે દેવલોક સાથે જોડાયેલી છે જ્યારે કન્યા રાશિ પિતૃલોક કે ચંદ્રલોક સાથે જોડાયેલી છે

હવે ખગોળ શાસ્ત્રના આધારે ૧૫ જુલાઈ પછી સૂર્યદેવતાની દક્ષિણયાત્રાની શરૂઆત થાય છે જેને આપણે દક્ષિણાયણના સૂર્ય કહીયે છીએ.

આ દક્ષિણાયનના સૂર્ય ધીમે ધીમે કન્યા રાશિ અને તુલા રાશિ તરફ જાય છે અને ત્યાં પિતૃલોકને જગાડે છે.

આ દક્ષિણાયનના સૂર્યની યાત્રા ૧૫ સપ્ટેમ્બર પછી કન્યા રાશિમાં પ્રવેશે છે ત્યારે પાતાળલોકમાં રહેલા પ્રેતયોનીને જાગ્રત કરે છે.

હવે સમજવાની વાત એ છે કે સંસારમાં મૃત આત્માની ગતિ બે રીતની હોય છે.

જેઓ સંતકક્ષાના અને પુણ્યશાળી જીવો હોય તેઓ મરણ બાદ દેવયોનિ તરફ ગતિ કરે છે અને અતૃપ્ત આત્મા પ્રેતયોનિ તરફ ગતિ કરે છે. દેવયોનિનો સીધો સંબંધ સૂર્ય સાથે હોય છે અને પ્રેતયાોનિનો સબંધ ચંદ્ર સાથે હોય છે ચંદ્ર સૂક્ષ્મ જગતને સંભાળે છે અને તેથી ચંદ્રલોકને પિતૃલોક પણ કહેવાય છે.

શાસ્ત્રમાં વર્ણવ્યા મુજબ ચંદ્રની ૧૬ કળા છે આ ૧૬ કળા આપણા હિન્દૂ પંચાગની ૧૬ તિથિ સાથે જોડાયેલી છે પુનમથી અમાસ ૧૬ તિથિ હોય છે તેમ સુદ અને વદ ની તમામ તિથિઓ રિપીટ થાય છે.

આમ મૃત્યુ પછી આત્મા જે તિથિએ મરણ પામે તે મુજબ ચંદ્રની કળામાં સ્થાન પામે છે. એકમનું મરણ થયું હોય તે પહેલી કળામાં તે મુજબ જે પણ તિથિએ મરણ પામે તે ચંદ્રની કળા માં સ્થાન પામે છે.

જ્યારે સૂર્ય કન્યા રાશિમાં આવે છે ત્યારે ભાદરવા સુદ પૂનમ આવી જાય છે અને તે ચંદ્રલોકમાં પિતૃઓને જગાડે છે. તે સમયે ચંદ્રની ૧૫મી કળાના દ્વાર ઉઘડી જાય છે અને તેમાં રહેલા પિતૃ પૃથ્વી પરના તેમના સંબંધીને ત્યાં જઈ શકે તેવી વ્યવસ્થા છે. આમ પુનમથી પછી દરેક કળાના દ્વાર ખુલતા જાય છે અને તેમાં વસતા પિતૃઓ પોતપોતાના ઘરે આવવા શક્તિમાન બને છે.

ચંદ્રનું આધિપત્ય દૂધ અને ખીરનું રહેલું હોવાથી શ્રાદ્ધ પક્ષમાં દૂધપાક કે ખીરનું મહત્વ વિશેષ છે.

આમ દરેક પિતૃ તેમના નજીકના સ્વજન પુત્ર કે પૌત્રના ઘરે આવે છે અને શ્રાદ્ધ પામી સંતૃપ્ત થાય છે અને આશિર્વાદ આપતા જાય છે જે પરિવાર કુટુંબની ઉન્નતિ કરે છે. જે પિતૃનું શ્રાદ્ધ કરવામાં નથી આવતું તે અતૃપ્ત અવસ્થામાં પાછા જાય છે અને મનોમન ઉદાસ બની જાય છે તેનું વિપરીત પરિણામ કુટુંબને ભોગવવું પડતું હોય છે.

આ અતૃપ્ત પિતૃ ફરી એકવાર અમાવસ્યા ના દિવસે અચૂક પાછા પોતાના સ્વજનના ઘરે



આવે છે જેથી તેને આપણે સર્વપિતૃ અમાવાસ્યા કહીયે છીએ. આ દિવસે ભૂલ્યાચૂક્યાં દરેક પિતૃનું શ્રાદ્ધ મહિમા ઘણો છે અને તે અનાયાસે બાકી રહેલા પિતૃઓને સંતૃપ્ત કરવાનો મોકો મળે છે.

આથી દરેક પરિવારે શ્રાદ્ધ કરવું જ જોઈએ તે દિવસે બ્રાહ્મણ, બહેન દીકરી અને ભાણેજોને જમાડી શક્તિમુજબ દક્ષિણા આપવાથી અને કાગવાસ નાખવાથી પિતૃને પહોંચે છે

આ હકીકત શાસ્ત્ર આધારિત છે અને સૌ જન આમાં શ્રધ્ધા રાખી કરે તે માટે તેને શ્રાદ્ધ નામ આપવામાં આવ્યું છે.

# મહેસાણાનો યુવાન યુક્રેન જઇ આવ્યો અને એરપોર્ટ હાથ દઇ ગયો!!!

હિન્દી ફિલ્મનું એક ગીત છે. " મિતવા ઓ મિતવા , પૂરબ ના જઈ હો, પશ્ચિમ ના જઈ હો મેરે દિલમેં રહીયો, મેરે દિલમેં રહીયો''

આ ગીત સૂચનાત્મક, ભાવાત્મક, પ્રેમાત્મક ,માર્ગદર્શક કે આજ્ઞાત્મક છે તે સ્પષ્ટ થતું નથી. વળી પાછું ઉત્તર કે દક્ષિણ જવું કે ના જવું તેના પર વેંધક કે બીજા રોઈ પ્રકારનો પ્રકાશ ફેંકતું નથી. એટલે વિદેશ જઈ કાળી મંજૂરી કરી બે ડોલર, દિરહામ, દિનાર, પાઉન્ડ, લિટાસ, યુરો, લીરા કમાવાની ખબર પડતી નથી!!

પત્ની કે પ્રેમિકાને પતિ કે પ્રેમીનો વિરહ કોઇ કાળે સહન થતો નથી. ચોમાસામાં વિરહ ધારદાર ખંજર જેવી કાતિલ અસર કરે છે. પ્રોષિતભતૃકા તો ઉગ્ર અવાજે ફરિયાદ કરે છે'' હાંય હાંય યહ મજબુરી મૌસમ યહ હૈ દૂરી, મુજે પલપલ યહ સતાયે, તેરી દો ટકિયેકી નોકરી ઔર લાખો કો સાવન જાય!!

આપણા દેશમાં બુધ્ધુધન કે બુધ્ધિધનની કોઇ કિંમત નથી. આપણી સરકારી કચેરીઓ કે ખાનગી કંપનીઓ નાઝીની ગેસ ચેમ્બર જેવી છે. જેમાં પ્રતિભાશાળીઓ ગુંગળાય છે,સફોગેશન અનુભવે છે. યુવાનોના થનગનતા થિરકતા ચરણમાં નિયમો, બંધનોની જંજીર પહેરાવવામાં આવે છે. પછી તેને દોડવાનું કહે છે, હાથપગ બાંધી તરવાનું કહે છે. ઈન્સેન્ટીવ, ઈનોવેશન, મોટીવેશનના નામે શૂન્ય છે. ઘરેડમાં જીવવું કે ઉંમરલાયક થવું તે લાઈફટાઈમ એચિવમેન્ટ છે!!સ્કિલ્ડ કે અનસ્કિલ્ડ લેબર કે બ્રેઈન વિદેશી આકાશમાં પાંખ ખોલી મુક્તમને ઉડયન કરવા ઝંખે છે. આવા યંગસ્ટ દ્રાક્ષ અને રુદ્રાક્ષ સંસ્કૃતિમાંથી દ્રાક્ષ સંસ્કૃતિ પસંદ કરે છે. મેરા ભારત મહાન કે વિશ્વગુરૂની કૂકડાની જેમ ડોક ફૂલાવી બાંગ પોકારવાથી મહાન કે પાંચ ટ્રિલિયન ઈકોનોમી થઇ જાય નહીં!!બુલેટ ટ્રેન જેવી ફાસ્ટેસ્ટ ગ્રોથનું ડ્રીમ જેમની આંખમાં આંજ્યું હોય તેમને આપણા મલકમાં આવળ અને બાવળ છે, આપણા મલકમાં કાંટા અને શૂળ છે , આપણા મલકમાં ઠેફાને ધૂળ છે , પૂળો મેલો આપણા મલકમાં,હાલેને ડોલરિયા દેશમાં જવાનો થનગનાટ છે.

આપણા લોકો કાયદેસર કે ગેરકાયદેસર વિદેશમાં નોકરી કરી રળી લેવા માંગે છે. વિદેશ જવા માટે જોખમી કે અતિજોખમી રીતે કબુતરબાજીનો આશરો લઇ ડ્રિમલેન્ડમાં ધુબાકા મારવાની ખેવના રાખે છે!!

આપણને થાય કે લોકો કેનેડાના વિઝા લેવા એજન્ટને લાખો રૂપિયા આપે એ રૂપિયાના? વ્યાજમાંથી આરામથી બાદશાહી જીવી શકે. જે માણસ સળી ભાંગીને બે ન કરે, શેકેલો પાપડ તોડી ન શકે, તેણે ખાઇને જૂઠી કરેલી ડીશ ડાઇનિંગ ટેબલેથી ઉઠાવી સિક્રમાં ન મુકે એવી ઉબેટો વિદેશમાં જઇને ધોળિયાએ હોટલમાં ઉલ્ટીથી ખરાબ કરેલ ચાદર બદલે તો તેને નાનમ આવતી નથી.લોકો કેનેડા, દુબઇ, ગલેફ કન્ટ્રી, સિંગાપુર, ફ્રાન્સ, જર્મની, અમેરિકા, પોલેન્ડમાં કામ કરવા( હકીકતમાં બોન્ડેડ લેબર જેવી કાળી મજૂરી કરવા ) હુસેન બોલ્ટ હન્ડ્રેડ મીટરની દોડ લગાવે છે.

ગર વરસે લાખો છોકરાઓ ઉચ્ચ અભ્યાસ માટે, નોકરી માટે દેશને સાયોનારા કહેતા હોય છે. કેરલમાંથી લોકો ગલ્ફ દેશોમાં જાય છે.

પછી એ લોકો વરસો લગી ત્યાં કામ કરી નાગરિકતા મેળવે છે. દેશના નાગરિક મટી એનઆરઆઈનું મહામૂલું સ્ટેટસ પામે છે.આવા લોકોને ડાયસ્પોરા એટલે કે મૂળસોતા ઉખડેલા કહેવામાં આવે છે!!આવા લોકોને પંકજ ઉધાસની ચિઠી વાગ્યા કરે. ''ચિઠી આઇ હૈ ચિઠી આઇ હૈ , બડે દિનો કે બાદ હમ બેવતનો કો યાદ વતનકી મિટી આઇ હૈ!!''

હમણા આ બેલ મુજે માર જેવો કિસ્સો બન્યો. કોઇ સામે ચાલીને પડ પાણા પગ પર એવું આત્મઘાતી વલણ લે ખરા?તમને ખબર છે કે છેલ્લા ચાર પાંચ મહિનાથી રશિયા યુક્રેન વચ્ચે એકપક્ષી યુધ્ધ ચાલે છે. ગમે ત્યાં ગમે તે સ્થળે બોમ્બ વરસાવવાની રશિયાની યોજના મુજબ એરપોર્ટ, હોસ્પિટલ,સ્કૂલ, કોલેજ ,મકાનો રહેણાક મકાનો પર તત્કાળ બોમ્બ, મિસાઇલ, ફાધર,મધર બોમ્બ વરસે છે. યુક્રેનના લાખો નાગરિકો પડોશી દેશોમાં હિજરત કરે છે. ધંધા રોજગાર ઠપ છે.ઈમારતો કાટમાળમાં તબદિલ થઇ છે. દૂધ,બ્રેડ, શાકભાજીના ફાંફા છે.યુક્રેનનું ભવિષ્ય અંધકારમય છે.એવા સમયે મહેસાણાના યુવાને યુક્રેનની વર્ક પરમિટ લેવા માટે રૂપિયા સાત લાખ ગઠિયા મંડળીના ખાતામાં ટ્રાન્સફર કર્યા. વર્ક પરમિટ અને વિઝાના ડોકયુમેન્ટ મળ્યો . પેલો યુવાન રાજીના રેડ થઇ રંગીન જીવનના સંગીન સ્વપ્ન જોતો જોતો ફલાઇટમાં બેઠો. યુક્રેન એરપોર્ટ પર પાસપોર્ટ અને ડોક્યુમેન્ટ વેરીફાય કર્યા અને દસ્તાવેજમાં ગરબડ જણાતા તેને એરપોર્ટ પરથી રવાના કરી દીધો. હીરો યુક્રેન જઇ આવ્યો અને એરપોર્ટ હાથ દઇ આવ્યો! આમ, ગોળી પણ ગઇ અને ગોફણ પણ ગઇ!!જો કે જીવતો નર ભદ્રા પામે એ ન્યાયે મહેસાણાનો યુવાન બચી ગયો!!

ભરત વૈષ્ણવ
૨૦.૭.૨૦૨૨.ઈહાસ્યલેખ

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



N.O.G. SS. NO. 0026.
વિષય - તર્પણ.

વિભાગ - પદ્ય ( મૌલિક રચના)
શીર્ષક - સાચું શ્રાધ્ધ.
શ્રાધ્ધ પક્ષે પિતૃનું તર્પણ કરે.
ભાવ પુષ્પો એ પછી અર્પણ કરે.
જીવતે જીવ ભૂખ ભાંગી ના કદી,
ને મરણની બાદ આકર્ષણ ધરે!
મુખવટો ઓઢીને ફરતાં જે બધાં,
ક્યાં કોઈ એક ચહેરો સાચો કળે?
એક ટંકના હોય વલખાં જીવને,
શ્રાધ્ધ પક્ષે ખીરની વાટી ધરે!
કાગ પણ એથી રિસાયો લાગતો,
ચાંચ ભૂલેથીય ભાણે ના ભરે!
ઠારશે જે આંતડી મા- બાપની,
પીડ ભવભવની એ સહુએ હરે!
જીવતે સંતોષ - શાતા આપતાં,
નાથ જગનો એ જ તર્પણને ગ્રહે!
અંજના ગાંધી 'મૌનુ'
વડોદરા
( હાલ અમેરિકા)

### કેન્દ્ર સરકારે દેશમાં ફૂટબોલ વર્લ્ડ કપના આયોજનને મંજૂરી આપી
# ગોવા, મહારાષ્ટ્ર અને ઓડિશામાં યોજાશે અંડર-૧૭ વિમેન્સ ફૂટબોલ વર્લ્ડ કપ

નવીદિલ્હી,તા.૧૪

ફૂટબોલ રસિયાઓ માટે સારા સમાચાર છે. ભારતમાં મોટો આંતરરાષ્ટ્રીય મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ યોજાવાનો છે. કેન્દ્ર સરકારે મહિલા ફૂટબોલ આયોજનની મંજૂરી આપી દીધી છે.

બુધવારે કેન્દ્રીય કેબિનેટની મળેલી બેઠકમાં દેશમાં અંડર-૧૭ વિમેન્સ ફૂટબોલ વર્લ્ડ કપના આયોજનને મંજૂરી આપવામાં આવી હતી. ગોવા, મહારાષ્ટ્ર અને ઓડિશામાં આ વર્લ્ડ કપ યોજાશે. કેબિનેટની બેઠક બાદ પત્રકારોને માહિતી આપતા કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે સરકારે વિમેન્સ ફૂટબોલ વર્લ્ડ કપના આયોજન માટે સાઈનિંગ ઓફ ગેરન્ટી મંજૂર કરી છે. તેમણે કહ્યું કે ૧૧ થી ૩૦ ઓક્ટોબરની વચ્ચે આ ટૂર્નોમેન્ટ રમાશે.

અંડર-૧૭ ફિફા વર્લ્ડ કપની ૪ મોટી વાત જોઈએ તો (૧) કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે પીએમ મોદીએ ફિફા વર્લ્ડ કપના આયોજન માટે ૨૩૦૦ કરોડનું બજેટ આપ્યું છે.આ ટૂર્નામેન્ટ ૧૧ થી ૩૦ ઓક્ટોબર દરમિયાન દેશના ત્રણ શહેરોમાં રમાશે. નવી મુંબઈ, ગોવા અને ભુવનેશ્વર આ મેચોની યજમાની કરશે.

(૨) અનુરાગ ઠાકુરે કહ્યું, ફૂટબોલમાં રસ ધરાવતી મહિલા ખેલાડીઓને આનાથી પ્રોત્સાહન મળશે. તેમજ દેશભરમાં ફૂટબોલની રમતને વધુ લોકપ્રિયતા મળશે (૩) આ ટૂર્નામેન્ટમાં યજમાન ભારતને ફૂટબોલ 'પાવરહાઉસ' બ્રાઝિલ, મોરક્કો અને યુએસએની સાથે મુશ્કેલ ગ્રુપ એમાં સ્થાન આપવામાં આવ્યું છે.

ગ્રુપ બીમાં જર્મની, નાઈજીરિયા, ચિલી અને ન્યૂઝીલેન્ડનો સમાવેશ થાય છે. જ્યારે ડિફેન્ડિંગ ચેમ્પિયન સ્પેનને ગ્રુપ સીમાં કોલંબિયા, ચીન અને મેક્સિકોની સાથે સ્થાન આપવામાં આવ્યું છે. ગ્રુપ ડીમાં જાપાન, તાન્ઝાનિયા, કેનેડા અને ફ્રાન્સનો સમાવેશ થાય છે. (૪) ભારતીય ટીમ ૧૧ ઓક્ટોબરથી ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમમાં અમેરિકા સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. બીજી મેચ ત્યાં ૧૪



ઓક્ટોબરના રોજ મોરક્કો સામે રમાશે. ભારતને ફિફા વર્લ્ડ કપની યજમાની મળી હોય તેવી આ બીજી ઘટના છે. ભારતે અગાઉ ૨૦૧૭માં મેન્સ અંડર-૧૭ વર્લ્ડ કપની યજમાની કરી હતી.

# સની દેઓલે ન તો ફિલ્મ કરી, ન તો સાઈનિંગ અમાઉન્ટ પરત કરી, નિર્માતાનો ચોંકાવનારો ખુલાસો

મુંબઈ,તા.૧૪

અક્ષય કુમાર સ્ટારર ફિલ્મ 'જાનવર' ૧૯૯૯માં રિલીઝ થઈ હતી અને તે વર્ષની સૌથી સફળ ફિલ્મોમાંની એક હતી. પરંતુ શું તમે જાણો છો કે આ પહેલા સની દેઓલને આ ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લી ઘડીએ તે ફિલ્મમાંથી નીકળી ગયો એટલું જ નહીં, સની દેઓલે પ્રોડ્યુસરને તેની સાઈનિંગ અમાઉન્ટ પણ પાછી ન આપી. આ વાતનો ખુલાસો નિર્માતા-નિર્દેશક સુનીલ દર્શને પોતે કર્યો છે.

એક ઈન્ટરવ્યુમાં સુનીલે કહ્યું હતું કે એક સમય હતો જ્યારે સની દેઓલ સાથે તેના ઘણા સારા સંબંધો હતા. પરંતુ સનીની અંદર પ્રતિબદ્ધતાની પરિપૂર્ણતાનો અભાવ જોઈને તેને તેના ઈરાદા પર શંકા થવા લાગી. તેના કહેવા પ્રમાણે, તેણે સની દેઓલ અભિનીત 'અજય'ને સમાપ્ત કર્યા વિના રિલીઝ કરી. કારણ કે તે સમયે સની લંડન ગયો હતો અને તેણે સમયસર પરત ફરવાની ના પાડી દીધી હતી. પરંતુ સમાપ્ત થયા વિના રિલીઝ થવા છતાં ફિલ્મ હિટ બની હતી.

સુનીલે વધુમાં ઉમેર્યું હતું કે, "સનીએ મને તેને વચન આપવા દબાણ કર્યું કે હું મારી કારકિર્દીના આગલા તબક્કામાં તેને સાથ આપીશ. મેં તેને એક વર્ષ માટે યોગદાન આપ્યું, તેને વચન આપ્યું કે તે મારી આગામી ફિલ્મમાં હશે. તેણે આ ફિલ્મ સાઈન કરી હતી અને પૈસાની લેવડદેવડ પણ થઇ ગઈ હતી.

જ્યારે સની બોબી દેઓલ અને કરિશ્મા કપૂર સાથેની ફિલ્મ 'લંડન' પૂરી ન કરી શક્યો ત્યારે તે ભારત (લંડનથી) પરત ફર્યો. આ દરમિયાન સુનીલે વિચાર્યું કે હવે તે સની દેઓલ સાથે તેની ફિલ્મમાં કામ કરી શકે છે. પરંતુ સનીએ આ વિષય પર વધુ કામ કરવાની જરૂર હોવાનું કહીને ખસી ગયા. આના પર સુનિલને લાગ્યું કે કંઈક થયું છે. તેણે કહ્યું, "મને તેના ઈરાદા પર શંકા હતી. તે ફિલ્મ 'જાનવર' હતી, જે તેણે પાછળથી સંઘર્ષ કરતા અક્ષય કુમાર સાથે પૂર્ણ કરવી પડી હતી."

સુનીલ કહે છે, "મેં તેને થોડો વધુ સમય આપવાનું નક્કી કર્યું. પરંતુ અન્ય પ્રોજેક્ટ્સને લઈને કેટલીક આર્થિક મુશ્કેલીઓ હતી. તેને મારા પૈસા પરત કરવાની જરૂર હતી. પરંતુ તેમ થયું નહીં. પછી એક સમય એવો આવ્યો જ્યારે મને લાગ્યું કે હું હવે નથી રહ્યો. વધુ રાહ જોઈ શકતો નથી અને હું આગળ વધ્યો."

અહેવાલો અનુસાર, જ્યારે સુનીલ દર્શને આ ફિલ્મ માટે અક્ષય કુમારનો સંપર્ક કર્યો ત્યારે તેણે ફિલ્મ માટે પોતાનું સર્વસ્વ આપવાનું આશ્વાસન આપ્યું. સુનિલે અક્ષયને સાઈન કર્યો. કહેવાય છે કે આ ફિલ્મ પહેલા અક્ષયની બેક ટુ બેક ૧૦ ફિલ્મો ફ્લોપ રહી હતી.

# ચીનમાં ભાષા અને ચિકિત્સા શિક્ષાની ખરાબ ગુણવત્તાથી ભારતીય વિદ્યાર્થીઓ પરેશાન

**ચીનમાંથી માત્ર ૧૬% ભારતીય મેડિકલ વિદ્યાર્થીઓએ ભારતમાં તબીબી પ્રેક્ટિસ કરવા માટે પરીક્ષા પાસ કરી હતી**

**વિદેશ મંત્રાલયના પ્રયાસોથી ચીનમાં ભારતીય વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ દૂર થઇ**



નવી દિલ્હી, ૧૪ સપ્ટેમ્બરઃ જ્યારથી કોવિડ-૧૯ રોગચાળો શરૂ થયો ત્યારથી, વિદેશ મંત્રાલય (સ્ઈઇ) એ સુનિશ્ચિત કર્યું છે કે વિદેશમાં વસતા વિદેશી ભારતીયોની તમામ ચિંતાઓને સૌથી વધુ સર્વગ્રાહી રીતે સંબોધવામાં આવે. વિદેશ મંત્રાલય મુખ્યત્વે વિદેશમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓને સ્પર્શતા દરેક મુદ્દા પર ધ્યાન આપે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ૨૫ માર્ચે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત કરી હતી જેથી કોવિડના નિયંત્રણોના સમયે ચીનથી ભારતીય વિદ્યાર્થીઓને પરત લાવવાની કામગીરી સુગમ થઇ શકે.

બેઇજિંગમાં ભારતીય દૂતાવાસે ૮ સપ્ટેમ્બરના રોજ ચાઈનીઝ મેડિકલ સ્કૂલોમાં અભ્યાસ અંગે વિગતવાર એડવાઈઝરી જારી કરી હતી, કારણ કે બેઇજિંગમાં ભારતીય દૂતાવાસને ચીનમાં તેમનો અભ્યાસ પૂર્ણ કરવા ઇચ્છતા સંભવિત ભારતીય વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે અનેક પ્રશ્નો મળી રહ્યા હતા

એડવાઈઝરીમાં, ભારતીય દૂતાવાસે નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ દ્વારા હાથ ધરાયેલા અભ્યાસ અંગેનો ડેટા શેર કર્યો હતો, જેમાં જાણવા મળ્યું હતું કે ૨૦૧૫ થી ૨૦૨૧ સુધી, ચીનમાં મેડિસિનનો અભ્યાસ કરનારા ભારતીય વિદ્યાર્થીઓમાંથી માત્ર ૧૬%એ જ મેડિસિન પ્રેક્ટિસ કરવા વિદેશી ચિકિત્સા સ્નાતક પરીક્ષા (હ્વસ્ઈ) પાસ કરી હતી. આ આંકડો ચીનમાં ચિકિત્સા શિક્ષાની ખરાબ ગુણવત્તાને પ્રદર્શિત કરે છે.

ચીનમાં શિક્ષણની ગુણવત્તાના લીધે બહુ ઓછા વિદ્યાર્થીઓ ડૉક્ટર બન્યા છે. તે સિવાય અન્ય મુદ્દાઓ પણ છે. તેમાંથી એક સમસ્યા ભાષાની છે. અભ્યાસક્રમ અંગ્રેજીમાં હોવા છતાં, અગાઉના ભારતીય વિદ્યાર્થીઓ કે જેમણે ચીનમાં અભ્યાસ કર્યો હતો, તેમણે જણાવ્યું કે પ્રોફેસરોને સમજવામાં તેમને સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. રોગચાળાની શરૂઆત પછીનો બીજો મુખ્ય મુદ્દો ચીનની 'ડાયનેમિક ઝીરો કોવિડ પોલિસી' છે, જે અવરજવર પર કડક નિયંત્રણો લાદે છે અને અભ્યાસને અસર કરી શકે છે. આ નીતિ સતત બદલાતી રહે છે અને વિદ્યાર્થીઓને ઘણી વખત ઘરેથી દૂર રહેવું પડે છે.

ચીને અગાઉ પણ વિઝા પ્રતિબંધો લાદ્યા હતા જેના કારણે ચીનની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવનારા ૨૩,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ ફસાયા હતાં. વિદેશ પ્રધાન જયશંકરના પ્રયાસોથી, તેમના ચીની સમકક્ષ સાથે સતત વાટાઘાટો પછી, ભારતીય વિદ્યાર્થીઓને પરત ફરવા અને તેમનો અભ્યાસ પૂર્ણ કરવા માટે તાજેતરમાં પ્રતિબંધ હટાવવામાં આવ્યો હતો.

# પાકિસ્તાને અફઘાનિસ્તાનને પત્ર લખીને આતંકી મસૂદ અઝહરની ધરપકડની માંગ કરી

ઈસ્લામાબાદ,તા.૧૪

પાકિસ્તાને અફઘાનિસ્તાનને પત્ર લખીને આતંકી સંગઠન જૈશ એ મોહમ્મદના ચીફ મસૂદ અઝહરની ધરપકડની માંગણી કરી છે. પત્રમાં સ્પષ્ટ રીતે કહેવાયું છે કે મસૂદ અઝહર અફઘાન પ્રાંતના નંગરહાર અને કુન્હરમાં હોવાની સંભાવના છે.

પાકિસ્તાને કહ્યું કે જૈશ પ્રમુખને શોધીને ધરપકડ કરવામાં આવે અને પાકિસ્તાનના અધિકારીઓને જાણ કરવામાં આવે. મસૂદ અઝહરની ધરપકડ માટે પત્ર પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે લખ્યો છે. જો કે આ મામલે બાદમાં કોઈ અન્ય જાણકારી સામે આવી નથી.

અત્રે જણાવવાનું કે ૧ મે ૨૦૧૯ના રોજ સંયુક્ત રાષ્ટ્રએ મસૂદ અઝહરને વૈશ્વિક આતંકીઓની યાદીમાં સામેલ કર્યો હતો. ૨૦૦૮માં ભારતીય સંસદ પર



હુમલા બાદ અમેરિકાએ જૈશ એ મોહમ્મદને આતંકવાદી સંગઠનની સૂચિમાં સામેલ કર્યું હતું. ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ પાસે પણ જૈશ અને મસૂદ અઝહરને વૈશ્વિક આતંકી સંગઠન તરીકે જાહેર કરવાની માંગણી કરી રહ્યું છે પરંતુ ચીન આ કોશિશમાં વીટો પાવરનો ઉપયોગ કરીને અડિંગો જમાવતું આવ્યું છે.

પાકિસ્તાને આ પગલું ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ એટલે કે ફેટાના દબાણને ધ્યાનમાં રાખીને લીધુ છે. જેમાં પાકિસ્તાનને કહેવાયું છે કે તે આતંકીઓ વિરુદ્ધ કાર્યવાહી કરે. જેનાથી તે ફેટાની ગ્રે લિસ્ટમાંથી બહાર નીકળે તેવી શક્યતા છે. ફેટાના દબાણના પરિણામે જ પાકિસ્તાને લશ્કર એ તૈયબાના કમાન્ડર સાજિદ મીર ઉપર પણ કાર્યવાહી કરી જેને તે મૃત ગણાવતું હતું.

પાકિસ્તાનનું કહેવું છે કે મસૂદ અઝહર તેમની ધરતી પર નથી અને તે અફઘાનિસ્તાનમાં હોઈ શકે છે. પાકિસ્તાન સતત એ દાવો કરતું આવ્યું છે કે મસૂદ અઝહરની ભાળ મળતી નથી પરંતુ પાકિસ્તાની સોશિયલ મીડિયા નેટવર્ક્સ પર મસૂદ અઝહર પોતાના આર્ટિકલ પબ્લિશ કરતો રહે છે અને જૈશ એ મોહમ્મદના આતંકીઓને આતંક ફેલાવવા માટે પ્રોત્સાહિત કરતો રહે છે.

અત્રે જણાવવાનું કે ફેટાના એશિયા-પ્રશાંત સમૂહે મની લોન્ડરિંગ અને આતંકવાદની ફંડિંગ મામલે ૧૧માંથી ૧૦ ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ્સ પર પાકિસ્તાનની પ્રભાવશીલતાને નિમ્ન સ્તરનું આંકેલું છે.

ધ ડોન અખબારના જણાવ્યાં મુજબ ફેટાની સિડની સ્થિત ક્ષેત્રીય સહયોગી એપીજીએ પોતાના ક્ષેત્રીય સભ્યોના રેટિંગ પર બે સપ્ટેમ્બર સુધી એક અપડેટ જારી કર્યું હતું જેમાં કહેવાયું છે કે પાકિસ્તાને ૧૧ લક્ષ્યોમાંથી ફક્ત એકમાં 'મધ્યમ સ્તરની પ્રભાવશીલતા' દેખાડી છે.

# રંગીલા, જુદાઈ,સહિત ઘણી ફિલ્મોમાં અભિનય કરનારી અભિનેત્રી ઉર્મિલા માંતોડકર બાળકીની મા બની

મુંબઇ,તા.૧૪

રંગીલા, જુદાઈ, માસુમ સહિત ઘણી ફિલ્મોમાં અભિનય કરનારી રંગીલી અને માસુમ ચહેરાવાળી અભિનેત્રી એક્ટ્રેસ ઉર્મિલા માંતોડર પણ મમ્મી બની ગઇ. તે દિકરીની મા બની છે. પરંતુ એક વર્ષ બાદ આ વાત બહાર આવી છે. જે ઉર્મિલાના પતિ મોહસીન અખ્તર મીરે જ શેર કરી છે.ઉર્મિલાએ માત્ર હિંદી જ નહીં પરંતુ તેલુગુ, મલયાલમ, મરાઠી અને તમિલ સિનેમામાં પણ પોતાનું સ્થાન જમાવ્યુ હતુ. પરંતુ લગ્ન બાદ તે ગૃહસ્થીનું જીવન વિતાવી રહી છે. દરમિયાન કોંગ્રેસમાં જોડાઇ તેણે રાજકારણમાં ઝંપલાવવાનો પ્રયાસ કર્યો હતો. હાલ તે શિવશેના પાર્ટીની નેતા છે.

હાલમાં તેના પતિ મોહસિન અખ્તર મીરે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર ૧ વર્ષની એક ક્યૂટ બાળકી સાથેની તસવીર શેર કરી. આ તસવીર જોઈને તરત જ ઉર્મિલા અને મોહસિન વિશે અટકળો શરૂ થઈ ગઈ હતી. કપલે બાળક દત્તક લીધું હોવાનું અને આટલા સમય સુધી વાતો છુપાવી રાખી હોવાનું લોકોને લાગ્યું હતું. મોહસિને જે તસવીર શેર કરી હતી તેની સાથે લખ્યું હતું..

'વાહ, નાનકડી રાજકુમારી, મારા આ પ્રેમાળ હૃદય પરના તારા સામ્રાજ્યને એક વર્ષ થઈ ગયું છે અને તે ઉત્સાહજનક રહ્યું છે. મારી નાનકડી રાજકુમારી આયરાને જન્મદિવસની શુભેચ્છા'. મોહસિનની પોસ્ટ જોઈને ફેન્સ તરત જ કોમેન્ટ કરીને અભિનંદનનો વરસાદ કરવા લાગ્યા હતા. બાળક દત્તક લીધું હોવાની વાત અંગે તે સમયે એક્ટ્રેસે જણાવ્યું હતું કે..

'આયરા મારી ભત્રીજી છે'. તે જ સમયે મોહસિને પણ પોસ્ટમાં સુધારો કરતાં ખુલાસો કરતી કેટલીક માહિતી આપી હતી. તેણે કહ્યું હતું કે



'આયરા મારા ભાઈની દીકરી છે. મને મેસેજ મળવાનું શરૂ થતાં મેં મારી પોસ્ટના કેપ્શનમાં સુધારો કર્યો હતો. હવે ઉર્મિલાના ફેન્સ તરફથી ક્યૂટ છોકરીને ઘણો પ્રેમ મળી રહ્યો છે.

ઉર્મિલા માતોંડકરે ૨૦૧૬માં મોહસિન સાથે લગ્ન કર્યા હતા. ઘણા વર્ષના બ્રેક બાદ તેણે ડાન્સ રિયાલિટી શો સાથે કમબેક કર્યું. હાલ, તે રેમો ડિસૂઝા અને ભાગ્યશ્રી સાથે ડૈંઢ સુપર મોમ્સ જજ કરી રહી છે.

ઉર્મિલા માતોંડકરે પોતાના કરિયર દરમિયાન રંગીલા, જુદાઈ, સત્ય, ભૂત, માસૂમ, કુંવારા, ચમત્કાર, કૌન?, લજ્જા, દીવાને, પ્યાર તુને ક્યા કિયા, ખૂબસુરત, દિલ્લગી, ચાઈના ગેટ તેમજ ઓમ જય જગ્દિશ જેવી ઢગલો સારી ફિલ્મો આપી હતી. છેલ્લે તેણે ૨૦૦૭માં રિલીઝ થયેલી શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણની ફિલ્મ ઓમ શાંતિ ઓમમાં કેમિયો કર્યો હતો.

# રિષભ પંતની ઉર્વશી રૌતેલાએ માફી માંગી

નવીદિલ્હી,તા.૧૪

ટીમ ઈન્ડિયાના વિકેટકીપર-બેટર રિષભ પંત અને બોલીવુડ અભિનેત્રી ઉર્વશી રૌતેલા વચ્ચે વિવાદને બધા જાણે છે. એશિયા કપના સમયે ઉર્વશી રૌતેલાનું નામ પાકિસ્તાની બોલર નસીમ શાહ સાથે જોડવામાં આવ્યું હતું. પરંતુ હવે ઉર્વશી રૌતેલાએ રિષભ પંતને લઈને કંઈ એવું કહ્યું છે, જેની ચર્ચા ચારે તરફ થઈ રહી છે. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

બોલીવુડ અભિનેત્રી ઉર્વશી રૌતેલાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે મિસ્ટર આરપી તેને મળવા આવ્યો હતો અને તેણે ના પાડી દીધી હતી. ત્યારબાદ રિભષ પંતે પણ તેનો જવાબ આપતા કહ્યું હતું કે મારો પીછો છોડી દો બહેન. ત્યારબાદ બંને વચ્ચે વિવાદ વધી ગયો. પછી ઉર્વશી રૌતેલાએ પોતાના ટ્વિટર એકાઉન્ટ પર ટ્વીટ કર્યું હતું, 'છોટૂ ભૈયા કો બેટ બોલ ખેલના ચાહિએ, મેં કોઈ મુન્ની નહીં હૂં જો બદનામ હોઉં તેરે લિયે યંગ કિડ્ડો ડાર્લિંગ. પરંતુ હવે બંનેના વિવાદ વચ્ચે નવો વળાંક આપ્યો છે.'રિષભ પંત સાથે વિવાદ વચ્ચે હવે સોશિયલ મીડિયા પર ઉર્વશી રૌતેલાને એક ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે પંતને શું મેસેજ આપવા ઈચ્છે છે. ત્યારે ઉર્શવીએ કહ્યું કે સીધી વાત નો બકવાસ તેથી હું બકવાસ કરી રહી નથી. જ્યારે બીજીવાર પૂછવામાં આવ્યું કે તમે જ કહ્યું હતું કે Forgive & Forgª. તેના પર ઉર્વશી કહે છે કે હું કંઈ કહેવા ઈચ્છતી નથી. પછી તે હાથ જોડીને રિષભ પંતની માફી માંગે છે. ઉર્વશી કહે છે- Sorry I am Sorry

સ્ટાર ક્રિકેટર રિષભ પંત ઉર્વશી રૌતેલા સાથે રિલેશનશિપમાં હોવાની ચર્ચા ચાલતી રહે છે. પરંતુ ત્યારબાદ બંનેને બ્રેકઅપના સમાચાર સામે આવ્યા. એશિયા કપમાં ભારતની મેચ દરમિયાન ઉર્વશી પંતને ચીયર કરતી જોવા મળી હતી. રિષભ પંત ભારત માટે ત્રણેય ફોર્મેટમાં નંબર-૧ વિકેટકીપર છે.

# જનશક્તિ પાર્ટી પણ ગુજરાત તમામ બેઠકો પર પોતાના ઉમેવારો ઉભા રાખશે.: ચિરાગ પાસવાન

ભરૂચ,તા.૧૪

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, તમામ રાજકીય પક્ષો હવે મતદાતાઓને રીઝવવા મેદાનમાં ઉતર્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા રાષ્ટ્રીય નેતાઓના ગુજરાતમાં આંટાફેરા અને મુલાકાતો વધી ગઈ છે. ત્યારે હવે લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના અધ્યક્ષ ચિરાગ પાસવાન ગુજરાતના બે દિવસીય પ્રવાસ માટે આવ્યા છે. ગતરાત્રીએ લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના અધ્યક્ષ ચિરાગ પાસવાન વડોદરા એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. એરપોર્ટ ખાતે તેમના સમર્થકોએ તેમનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપીને ઢોલ નગારાના તાલે ભવ્ય સ્વાગત કર્યું હતું. સુરતના કાર્યક્રમમાં હાજરી આપતા પહેલા ચિરાગ પાસવાને ભરૂચ ખાતે ટૂંકુ રોકાણ કર્યું હતું. જ્યાં તેમણે ગુજરાત વિધાનસભા ચૂંટણી અંગે મોટું નિવેદન આપ્યું હતું. ચિરાગ પાસવાને જણાવ્યું હતું કે, આગામી વિધાનસભાની ચૂંટણીમાં લોકશક્તિ પાર્ટી (રામવિલાસ)એ નિર્ણય કર્યો છે કે, 'ગુજરાતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટી પણ તમામ બેઠકો પર પોતાના ઉમેદવારોને ઉતારશે અને અમે અમારા નેતા રામવિલાસ પાસવાસના વિચારોને લઈને જનતાની વચ્ચે જઈશું.'

ખુદને 'મોદીના હનુમાન' ગણાવનાર ચિરાગ પાસવાને વધુમાં જણાવ્યું કે, આગામી દિવસોમાં લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના તમામ ઉમેદવારો રામવિલાસ પાસવાનના વિચારોને લઈને જનતાની વચ્ચે જાય તે ઉદ્દેશની સાથે હું બે દિવસના ગુજરાતના પ્રવાસે આવ્યો છે.

# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે 'MODI@20 DREAMS MEET DELIVERY' પર ચર્ચાસભા યોજાઈ

અમદાવાદ,

આ પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય રેલ્વે અને ITમંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતુ કે, વિઝનરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેઓ ભવ્ય ડ્રીમ જુએ છે અને પછી અથાગ પ્રયાસોથી એ સ્વપ્નને સાકાર કરી ડિલિવરી આપે છે. આમ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં માત્ર ડ્રીમ નહીં ડિલિવરી પણ હોય છે, જેનાં પરિણામો દેશના દરેક ક્ષેત્રમાં જોવા મળી રહ્યાં છે, એમ તેમણે ઉમેર્યું હતું.




કેન્દ્રીય મંત્રી શ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ૮ વર્ષ પહેલા ભારતમાં ૪૦૦થી ૫૦૦ સ્ટાર્ટઅપ્સ હતા, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિના પરિણામે આજે ૭૪,૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ રજિસ્ટર્ડ છે, જેમાં ૧૦૦થી વધુ યુનિકોર્નની કેટેગરીમાં સામેલ છે. સ્ટાર્ટઅપ ક્ષેત્રે ભારત આજે ત્રીજી સૌથી મોટી ઈકો સિસ્ટમ ધરાવે છે, જે દેશની એક મોટી સિદ્ધિ છે.

શ્રી અશ્વિની વૈષ્ણવે મેઈક ઈન ઈન્ડિયા વિશે વાત કરતા જણાવ્યું હતુ કે, મેઈક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટની શરૂઆતના સમયે લોકો શંકા કરતા હતા. લોકોને વિશ્વાસ નહોતો આવતો કે ભારતમાં આવું પણ શક્ય બનશે. પરંતુ આ તમામ શંકાઓને ખોટી પાડીને આજે વડાપ્રધાન શ્રીના નેતૃત્વમાં ભારતમાં આજે ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ૬ લાખ કરોડે પહોંચ્યું છે. એટલું જ નહીં તેના દ્વારા ૨૩ લાખથી વધુ લોકોને રોજગારી મળી રહી છે. સાથે સાથે મોબાઈલ મેન્યુફેક્ચરિંગમાં પણ ભારત ટોપ ૩ દેશોમાં સામેલ થયું છે.

આગામી આઈફોન પર દુનિયાના અન્ય દેશોની જેમ ભારતમાં નિર્માણ પામશે. આમ, દરેક ક્ષેત્રમાં આજે મેઈક ઈન ઈન્ડિયાનું વિઝન સાકાર થઈ રહ્યું છે અને સારાં પરિણામ જોવા મળી રહ્યાં છે, એમ તેમણે ઉમેર્યું હતુ.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને બિરદાવતા શ્રી વૈષ્ણવે કહ્યુ કે, વિશ્વના માત્ર ૫ દેશો પાસે જ આજે ૪જી એન્ડ ટુ એન્ડ ટેક્નોલોજી ઉપલબ્ધ છે, જેમાં ભારત દબદબાભેર સ્થાન ધરાવે છે. એટલું જ નહિ ભારતમાં ૫જી ટેક્નોલોજી જન જન સુધી પહોંચાડવા પર વડાપ્રધાનશ્રી વિશેષ ધ્યાન આપી રહ્યા છે, એમ તેમણે ઉમેર્યું હતું.

સ્વનિધિ યોજનાનો ઉલ્લેખ કરતા કેન્દ્રીય મંત્રી શ્રીએ જણાવ્યું હતુ કે, આજે કોઈપણ નાનો ધંધાદારી ૧૦ હજારની વગર વ્યાજની લોન મેળવી આત્મનિર્ભર બની રહ્યો છે. આજે આ યોજનાનો ૮.૫ લાખથી વધુ લોકોએ લાભ મેળવ્યો છે. બીજી તરફ નાના-વેપાર ધંધામાં ડિજિટલ પેમેન્ટનો વ્યાપ પણ વધ્યો છે. જેથી આપણા દેશમાં બનેલી ડિજિટલ પેમેન્ટની ઈકો સિસ્ટમ પર આખી દુનિયાની નજર છે.

રેલ સેવાના નવીનીકરણ અંગે જણાવતા મંત્રી શ્રીએ કહ્યું કે, આજે રેલવેમાં મેનેજમેન્ટ, ડિસીપ્લિન અને ટેક્નોલોજીનો ઉત્કૃષ્ટ સમન્વય સાધી શકાયો છે. જેના કારણે ભૂતકાળની સાપેક્ષમાં અકસ્માતોની સંખ્યા ઘટી છે. મુસાફરોને વિશ્વસ્તરીય રેલ સુવિધા આપવાની દિશામાં પ્રયાસો વિશે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે, ૨૦૧૭માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્લ્ડ ક્લાસ ટ્રેનનું દેશમાં નિર્માણ કરવાનો લક્ષ્યાંક આપ્યો હતો. જેને માત્ર બે વર્ષમાં જ એટલે કે ૨૦૧૯માં સાકાર કરી પ્રથમ વંદે ભારત ટ્રેનનું સંચાલન કરવામાં આવ્યું હતુ. તે જ ટ્રેન આજે પૃથ્વીની ૧૮થી વધુ વખત પ્રદક્ષિણા કરી શકાય તેટલા કિલોમીટર કોઈપણ બ્રેકડાઉન વગર ચાલી છે. જે ભારતીય એન્જિનિયરીંગ ક્ષેત્રની મિસાલ છે. ૨૦૨૩ સુધીમાં વડાપ્રધાન શ્રીની જાહેરાત અનુસાર ૭૫ વંદે ભારત એક્સપ્રેસથી દેશના રાજ્યોને જોડવામાં આવશે, એમ પણ તેમણે ઉમેર્યું હતું.

ભારતની સૌપ્રથમ બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ વિશે જણાવતા તેમણે કહ્યું હતુ કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણમાં સૌપ્રથમ વિદેશી ટેક્નોલોજીનો ઉપયોગ થયો. ત્યારબાદ ૮ મશીન ભારતમાં જ તૈયાર કર્યા. ગુજરાતના રાજકોટમાં જ મશીનરી બનાવી મેઈક ઈન ઈન્ડિયાનો અભિગમ સાકાર કરવામાં આવ્યો છે. સ્વદેશી ટેક્નોલોજી વિકસાવવા પર ભાર મૂકતા તેમણે જણાવ્યું હતુ કે, વિશ્વની સૌથી મોટી જીઓટેક્નિકલ લેબ આજે સુરતમાં નિર્માણ પામી છે. જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે.આમ, આવનારી પેઢીઓ માટે શ્રેષ્ઠ ભવિષ્યનું નિર્માણ કરવું તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે, તેમ ભારપૂર્વક જણાવ્યું હતું.

ત્યારબાદ મંત્રીશ્રીએ ચર્ચાસભામાં યુવાનો અને ઉદ્યોગકારો સાથે સંવાદ સાધ્યો હતો. મંત્રીશ્રીએ પૂછવામાં આવેલા દરેક પ્રશ્નોના માહિતીપ્રદ અને રસપ્રદ જવાબો આપીને સાર્થક સંવાદ કર્યો હતો.ચર્ચાસભા બાદ પત્રકારો સાથે સેમિકંડક્ટર પોલીસીથી લઈને રેલવેના જુદા જુદા પ્રોજેક્ટ્સ અંગે વાર્તાલાપ કર્યો હતો.

અમદાવાદની મુલાકાત વેળાએ મંત્રી શ્રીએ સાબરમતી તેમજ કાલુપુર રેલ્વે સ્ટેશનની મુલાકાત લઈને વિવિધ વિકાસલક્ષી આયોજનોની જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે GCCIના પ્રમુખ શ્રી પ્રતીક પટવારીએ સ્વાગત પ્રવચન કર્યું હતુ. આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ. જે. હૈદર, GCCIના ઉપપ્રમુખ શ્રી યોગેશ પરીખ, સેક્રેટરી શ્રી અનિલ જૈન તેમજ સંસ્થાના હોદ્દેદારો, ઉદ્યોગ સાહસિકો ઉપરાંત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## ૨૦૨૨ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રપટેલની અધ્યક્ષતામાં અમદાવાદ ખાતે "Go For Gold" કાર્યક્રમ યોજાયો

# શહેરીજનોમાં રમત-ગમત ક્ષેત્રે જાગૃતિ માટે આવતીકાલથી રામકથા મેદાનમાં મેગા 'સ્પોર્ટ્સ કાર્નિવલ' યોજાશે

તારીખ : ૧૪ સપ્ટેમ્બર

ગાંધીનગર

૩૬માં રાષ્ટ્રીય રમતોત્સવની ઉજવણી ગુજરાતમાં થવા જઈ રહી છે. માત્ર ૩ મહિનાના ટૂંકા સમયગાળામાં ગુજરાત સરકાર દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ નેશનલ ગેમ્સ પહેલા નગરજનોમાં સ્પોર્ટ્સ પ્રત્યે ઉત્સાહ અને જાગૃતિ વધે તેવા શુભાશયથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મેગા સ્પોર્ટ્સ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તારીખ ૧૫ સપ્ટેમ્બર થી ૧૭ સપ્ટેમ્બર સુધી રામકથા મેદાન સેક્ટર ૧૧ ખાતે સ્પોર્ટસ કાર્નિવલની ઉજવણી કરવામાં આવશે.

સ્પોર્ટસ કાર્નિવલની શરૂઆત ચૌધરી સ્કૂલથી મશાલ રેલીથી કરવામાં આવશે. આ રેલી સવારે ૮.૩૦ વાગ્યેથી પ્રસ્થાન કરીને સવારે ૯.૦૦ કલાકે રામકથા મેદાન ખાતે પહોંચશે જ્યા વિધિવત રીતે સ્પોર્ટ્સ કાર્નિવલનું ઉદ્ઘાટન કરવામાં આવશે. ઉદ્ઘાટન બાદ મેદાનમાં હાજર તમામ રમતપ્રેમીઓને મ્યુઝિક સાથે ઝુમ્બા કરાવીને વોર્મઅપ કરાવવામાં આવશે ત્યારબાદ વિવિધ સ્પોર્ટ્સ સ્પર્ધાની શરૂઆત કરવામાં આવશે.

સ્પોર્ટ્સ કાર્નિવલમાં ત્રણ દિવસમાં અંદાજે ૨૦ હજારથી વધારે વિદ્યાર્થીઓ, નગરજનો, વસાહત મંડળના સભ્યો તેમજ રમતવીરો હાજરી આપશે. કાર્નિવલમાં કબડ્ડી, વોલિબોલ, હેન્ડબોલ, ગોળા ફેંક, ચક્ર ફેંક, ભાલા ફેંક, દોડ, કુદ, ફેંસિંગ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત સ્થાનિક રમતોને પ્રોત્સાહન આપવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

૧૫ તારીખે શરૂ થનાર સ્પોર્ટસ્ કાર્નિવલનું સમાપન ૧૭ તારીખે બપોરે ૧૧ કલાકે થશે ત્યારબાદ નેશનલ ગેમ્સના મેસ્કોટ સાથે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પોર્ટસ્ કાર્નિવલમાં વધુમાં વધુ નગરજનો મુલાકાત લે તેવી મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવે છે.

# પ્લાન મંજુર કર્યા વગર કરેલ બાંધકામ અટકાવવા તથા હક્ક હિસ્સો અપાવવા બાબત

ગોધરા ,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે ,અમો અરજદાર પ્લોટ નં.૫૦૬/૧,સેક્ટર- ૨૩,ગાંધીનગર ખાતે રહેતા હતા.હાલમાં અમો ધંધાના કામે થી છેલ્લા કેટલાક વર્ષોથી ગોધરા ખાતે રહીએ છીએ.સેક્ટર-૨૩ ખાતે આવેલ પ્લોટ નં.૫૦૬/૧ અમારી તથા મોહનલાલ કેવળરામ છાપરું .પરમેશ્વર કેવલરામ છાપરું.ભગવાનદાસ કેવલરામ છાપરું ની સંયુક્ત માલિકીની મિલકત છે.જે પ્લોટનું અમારાભાઈ પરમેશ્વર કેવલરામ છાપરું તથા ભગવાનદાસ કેવલરામ છાપરું એ સંયુક્ત માલિકીનું હોવા છતાં અમોને જાણ કર્યા વગર તથા અમારી કોઈ મંજુરી લીધા વગર મકાન તોડી હાલમાં નવું પાંચ માળનું બિલ્ડીગ બનાવવાનું



શરુ કરેલ પ્લાન પાસ કરાયા વગર બાંધકામ કરેલ છે .જેથી પ્લોટ નં.૫૦૬/૧ નું કરેલ બાંધકામ ગેરકાયદેસર હોવાથી આપની કક્ષાએથી તાત્કાલિક અટકાવવા વિનંતી છે.

સદર મિલકતમાં અમો અરજદારનો હિસ્સો આપની કક્ષાએથી જરૂરી સ્થળ તપાસ કરાવી મોહનલાલ ત થા પરમેશ્વર છાપરુંના જવાબો મેળવી અમોને અમારો કાયદેસરનો હક હિસ્સો અપાવવા તથા પ્લોટ નં.૫૦૬/૧,સે-૨૩ ખાતે આવેલ અમારીમિલકતમાં મંજુરી વગર કરેલ બાંધકામ અટકાવવા વિનંતી છે.આ સાથે પ્લોટની ઈન્ડેક્ષ ની નકલ ,હક્કનું પ્રમાણપત્ર,મકાન ના ફોટો આ સાથે સામેલ છે.

આમ ઉપરોકત જણાવેલ બધાજ સાહેબો દ્વારા આ બાંધકામ અટકાવવા વિશેની કાર્યવાહી ચાલુ થઇ ગઈ છે .તે છતા પણ મારી આ ગરીબ ની તમને બે હાથ જોડી ને વિનંતી છે કે અમને અમારી હક્ક હિસ્સો જરૂર થી અપાવજો. આપણી ભાજપ ની સરકાર ગરીબો નું પહેલા સાંભળે છે, તો અમારી વાત પણ પહેલા સાંભળશોજી. તમારો ખુબ ખુબ આભાર થશે.લી.ભગવાનદાસ કે . પેસવાણી, ગામઃ- ગોધરા

## "અમદાવાદ જિલ્લામાં આપ કે ધ્વાર આયુષ્માન મહા ઝુંમ્બેશ – પી.એમ.જે.એ.વાય. - મા યોજના અંતર્ગત મા કાર્ડ તેમજ મા વાત્સલ્ય કાર્ડ વાળા કુટુંબોના સભ્યોના આધારકાર્ડ E-KYC કામગીરી હાથ ધરાઇ"



પી.એમ.જે.એ.વાય. – મા યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી ત્વરીત રીતે મળી રહે તેવા ઉમદા હેતુથી અમદાવાદ જિલ્લામાં માઈકીંગ, સોશીયલ મીડીયા, જુથ ચર્ચા, શીબીરો, હાઉસ ટુ હાઉસ સંપર્ક, પોસ્ટર્સ, સ્ટીકર્સતથા બેનર્સ દ્વારા તમામ ગામોમાં જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ છે.

અમદાવાદ જિલ્લામાં ૪૫૬ ગ્રામ પંચાયત, ૪૦ પ્રા.આ. કેન્દ્રઅને ૦૯ તાલુકા હેલ્થ કચેરીતથા ૫ નગર પાલિકાઓના જનસેવા કેન્દ્રો ખાતે પ્રધાન મંત્રી આરોગ્ય મિત્ર તેમજ એન-કોડ એજન્સી દ્વારા મુખ્યમંત્રી અમૃત્તમ કાર્ડ અને મુખ્યમંત્રી અમૃત્તમ વાત્સલ્ય કાર્ડ વાળા કુટુંબો ના સભ્યોના આધારકાર્ડ ઈ-KYCની મહા ઝુંબેશહાથ ધરવામાં આવેલ છે.

આજ દિન સુધીમાં અમદાવાદ જિલ્લામાં કુલ ૩,૫૧,૭૯૯ લાભાર્થીઓને પી.એમ.જે.એ.વાય. – મા કાર્ડ અપાયેલ છે. તેમજ જુના "મા" અને "મા વાત્સલ્ય કાર્ડ" ધરાવતા ૩,૩૬,૪૯૨ લાભાર્થીઓના આધાર કાર્ડ ઈ-KYC (થમ્બ વેરીફીકેશન) ની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવેલ છે.

આ યોજનાનો લાભ લેવા માટે તમામ મુખ્યમંત્રી અમૃત્તમ કાર્ડ અને મુખ્યમંત્રી અમૃત્તમ વાત્સલ્ય કાર્ડ ધારકોએ આધાર કાર્ડ ઈ-KYC (થમ્બ વેરીફીકેશન) કરવું ફરજીયાત છે

આ યોજના હેઠળ રૂા. ૫/- લાખ સુધીની કેશલેસ સારવાર માન્યતા પ્રાપ્ત ખાનગી તથા સરકારી હોસ્પિટલોમાં વિના મૂલ્યે મળે છે. વધુ માહિતી માટે ટોલ ફ્રી નંબર – ૧૮૦૦૨૩૩૧૦૨૨ અથવા ૧૪૫૫૫ પર સંપર્ક કરશો.

અમદાવાદ જિલ્લામાં આ યોજના અંતર્ગત નિયત માપ દંડ ધરાવતા કુટુંબના દરેક સભ્યને વ્યકિત ગત આયુષ્યમાન કાર્ડ મળી રહે તે માટે શ્રી અનિલ ધામેલીયા, માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા ડૉ. શૈલેષ બી. પરમાર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા મુખ્યમંત્રી અમૃત્તમ કાર્ડ અને મુખ્યમંત્રી અમૃત્તમ વાત્સલ્ય કાર્ડ વાળા કુટુંબો ના સભ્યોને આધારકાર્ડ ઈ-KYC(થમ્બ વેરીફીકેશન) કરાવવા માટે જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે.

# ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા દ્વારા ઓનલાઈન કાવ્ય સંમેલનનું આયોજન




**અતિથિ વિશિષ્ટ તરીકે છત્રીસગઢ થી સુનિલ દત્ત મિશ્રા ફિલ્મ એક્ટર રાઇટર એ હાજરી આપી હતી**

(હિન્દી દિવસ નિમિત્તે)

ઓનલાઈન કવિ સંમેલનનું આયોજન ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૨ના? રોજ સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી કાર્યક્રમ ચાલ્યો મુખ્ય મહેમાન મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચના રાષ્ટ્રીય અધ્યક્ષ ગુલાબચંદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશિષ્ટ તરીકે છત્રીસગઢ થી સુનિલ દત્ત મિશ્રા ફિલ્મ એક્ટર રાઈટર એ હાજરી આપી હતી પુષ્પવર્ષા પ્રીતિ પરમાર પ્રીત દ્વારા મહાનુભાવોનું સ્વાગત સંસ્થા પ્રમુખશ્રી ડૉ. શૈલેષ વાણીયા શૈલ દ્વારા દ્ સરસ્વતી વંદના સ્વાતિ જેસલમેર રાજસ્થાન દ્વારા કુલ ૪૧ કવિ મિત્રોએ પોતાની રચનાઓ પડદા પર મુકી હતી. ફોરમ ૨૮૧ ખીચોખીચ ભરેલ હિન્દી દિવસ નું મહત્વ કવિ મિત્રોની રચનામાં જોવા મળ્યું ચાલુ કાર્યક્રમમાં ડો.શૈલેષ વાણિયા શૈલ પ્રમુખ શ્રી દ્વારા ડિજિટલ પ્રમાણપત્ર નું વિતરણ કરવામાં આવ્યું હતું કાર્યક્રમના અંતે આભારવિધિ કરવામાં આવી આ પ્રસંગે , ગુજરાત મહારાષ્ટ્ર.

ઉત્તર પ્રદેશ છત્તીસગઢ. પૂર્વ ભારતમાં એક રાજય. રાજસ્થાન મધ્ય પ્રદેશ. ઓડિશા. કર્ણાટક, દિલ્હી વગેરે હિન્દીભાષી કવિઓ જોડાયા હતા. રાષ્ટ્ગાન બાદ ભારત માતા કી જય નાદ સાથે છૂટા પડ્યા.

# કેંદ્ર સરકારે શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી મહારાજના દેહત્યાગ વિશે રાષ્ટ્રીય દુખવટો જાહેર કરવો! - હિંદુ જનજાગૃતિ સમિતિ



હાલમાં જ બ્રિટનનાં મહારાણી એલીઝાબેથનું નિધન થયું, તેથી ભારત સરકારે રાષ્ટ્રીય દુખવટો જાહેર કર્યો. જોવા જઈએ તો, તેમનું ભારતના નિર્માણમાં કોઈપણ યોગદાન નથી. ઊલટું બ્રિટિશોએ આપણા ભારત દેશ પર ૧૫૦ વર્ષ રાજ્ય કરીને ભારતીઓ પર અનન્?વિત અત્યાચાર જ કર્યા. તે દેશનાં મહારાણીનાં નિધન વિશે ભારત સરકાર રાષ્ટ્રીય દુખવટો જાહેર કરે છે; પણ દેશ માટે પોતાનું જીવન સમર્પિત કરનારા ભારતના સુપુત્ર તેમજ સ્વતંત્રતા સંગ્રામમાં સહભાગી થનારા હિંદુ ધર્મના સર્વોચ્ચ ધર્મગુરુ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી મહારાજના દેહત્યાગ પછી રાષ્ટ્રીય દુખવટો જાહેર થતો નથી, આ વાત દુર્દૈવી છે. ભારત સરકારે હિંદુઓના સર્વોચ્ચ ધર્મગુરુના દેહત્યાગ વિશે 'રાષ્ટ્રીય દુખવટો' જાહેર કરીને તેમનું યથોચિત સન્માન કરવું, એવી માગણી હિંદુ જનજાગૃતિ સમિતિએ કરી છે.

હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદેએ ભારતના વડાપ્રધાન મા. નરેંદ્ર મોદી અને કેંદ્રિય ગૃહમંત્રી મા. શ્રી. અમિત શાહને પત્રો મોકલાવીને આ માગણી કરી છે. આ માગણીમાં સમિતિએ કહ્યું છે કે, શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ?વતી મહારાજનું ૧૧ સપ્ટેંબર ૨૦૨૨ના દિવસે મધ્યપ્રદેશ ખાતેના નરસિંહપુર જિલ્લાના શ્રીઝોટેશ્વર ધામમાં ૯૯ વર્ષની વયે નિધન થયું છે. શંકરાચાર્ય હિંદુઓના સૌથી મોટા ધર્મગુરુ હતા. ભગવાન આદિ શંકરાચાર્યજીએ ભારતમાં સ્થાપન કરેલા ચાર પીઠોમાંથી દ્વારકા ખાતેના શારદાપીઠ અને બદ્રીનાથ ખાતેના જ્યોતિષ પીઠ, આ બે પીઠોના તેઓ શંકરાચાર્ય હતા. વય વર્ષ ૯ થી તેમણે ઘરનો ત્યાગ કર્યો હતો અને ધર્મકાર્યમાં ઝંપલાવ્યું. તેમણે વેદ-વેદાંગ અને શાસ્ત્રોનું શિક્ષણ કાશી (ઉત્તર પ્રદેશ) ખાતે લીધું. ધર્મસમ્રાટ કરપાત્રી મહારાજજીના તેઓ શિષ્યોત્તમ બનીને તેમણે દેવ, ધર્મ અને દેશના રક્ષણાર્થે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. ૧૯ વર્ષની વયમાં તેઓ સ્વતંત્રતા સંગ્રામમાં પણ સહભાગી થયા હતા. મ. ગાંધીજીના ૧૯૪૨ના અંગ્રેજોના વિરોધમાં 'ભારત છોડો' આંદોલનમાં તેમણે સહભાગ લીધો હતો. તેમણે ૧૫ મહિના કારાવાસ પણ ભોગ્યો હતો. ઉત્તરપ્રદેશમાં વારાણસી ખાતે નવ મહિના અને મધ્ય પ્રદેશમાં છ મહિના તેમણે કારાવાસ ભોગવ્યો હતો. તેને કારણે તેઓ 'ક્રાંતિકારી સાધુ' તરીકે પરિચિત થયા. આ સિવાય શ્રીરામમંદિરની લડાઈમાં પણ શંકરાચાર્યએ મોટું યોગદાન આપ્યું છે.

હિંદુ બહુસંખ્યંક ભારત જો શંકરાચાર્ય માટે રાષ્ટ્રીય દુખવટો જાહેર ન કરે, તો ક્યાં કરશે ? એવો પ્રશ?ન કરીને ૭૦ વર્ષોમાં કૉંગ્રેસી નેતાઓએ હિંદુઓના ધર્મગુરુઓનું અપમાન જ કર્યું છે. હવે હિંદુત્વવાદી મોદી સરકારના કાળમાં ધર્મગુરુઓનું યથોચિત સન?માન થશે એવી આશા છે, એમ પણ શ્રી. શિંદેએ આ સમયે કહ્યું.

આપનો નમ્ર,
શ્રી. રમેશ શિંદે
રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ
સંપર્ક : ૯૯૮૭૯૬૬૬૬૬

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.